આજનો સુવિચાર

જેની ભીતર કોઈપણ ઈચ્છા હોતી નથી, તેની જરૂરીયાતોની પુર્તિ પ્રકૃતિ આપોઆપ કરે છે.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૯૭ જૂનાગઢ તા.૦૧-૦૮-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 197, Junagadh : Date : 01 August, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### કેદારનાથ નજીક વાદળ ફાટતા ૨૦૦ યાત્રાળુઓ ફસાયા, યમુનોત્રી યાત્રા પણ સ્થગીત

# ઉ.ભારતમાં વરસાદનું રૌદ્ર સ્વરૂપ : દિલ્હી જળબંબાકાર, ઉત્તરાખંડ - હિમાચલમાં વાદળ ફાટયા

**ઉત્તરાખંડમાં બે સ્થળોએ તથા હિમાચલમાં સિમલા - મંડી સહિત ત્રણ ક્ષેત્રોમાં વાદળો ફાટતા અનરાધાર વરસાદથી ભારે તબાહી : ૩૦થી વધુ લોકો લાપતા : મકાન - ઈમારતો - વાહનો અને હાઈડ્રો પ્રોજેક્ટ તણાયા**



નવી દિલ્હી,તા.૧

દેશના પાટનગર દિલ્હીથી માંડીને ઉતરાખંડ, હિમાચલ સહિતના ભાગોમાં વરસાદી આફત અને તારાજી સર્જાઈ હોય તેમ અનરાધાર વરસાદ અને વાદળ ફાટવાની ઘટનાઓ બની હતી. મકાનો, વાહનો તણાઈ ગયા હતા. ઉપરાંત ૧૦થી વધુ લોકોના મોત થયાનું અને કેટલાક લાપતા બન્યા હોવાનું બહાર આવ્યું છે.

પાટનગર દિલ્હી અનરાધાર વરસાદથી દરિયો બની ગયુ હોય તેવી હાલત સર્જાઈ હતી. પાટનગરના તમામ માર્ગો જળબંબાકાર બન્યા હતા. સળંગ ત્રણ કલાક ભારે વરસાદ ખાબકતા અનેક દુર્ઘટનાઓ પણ સર્જાઈ હતી અને ઠેક ઠેકાણે પાણી ફરી વળ્યા હતા. એકાદ કલાકમાં જ પાંચ ઈંચ જેવો વરસાદ થઈ જવાને પગલે જળબંબાકારની હાલત સર્જાઈ હતી.

હવામાન વિભાગ દ્વારા પાટનગરમાં આજે પણ ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. ભારે વરસાદની દુર્ઘટનાઓને કારણે દિલ્હી તથા એનસીઆરમાં સાત લોકોના મોત નિપજયા હતા અને કેટલાક ઘાયલ થયા હતા. ઉંડા નાળામાં ડુબી જવાથી માતા-પુત્રના મોત નિપજયા હતા.

શાળાની દિવાલ ધરાશાયી થતા એક વ્યક્તિ દટાઈ ગઈ હતી. મંડી વિસ્તારમાં એક દુકાન જમીનદોસ્ત થઈ હતી. ભારે વરસાદના રેડ એલર્ટને ધ્યાનમાં રાખીને શાળા-કોલેજોમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી.

બીજી તરફ ઉતરાખંડમાં વરસાદે તબાહી મચાવી હતી. કેદારનાથ વિસ્તારમાં વાદળ ફાટતા ગૌરીકુંડ પાસેની મંદાકિની નદીના જળસ્તરમાં એકાએક જોરદાર વધારો થઈ ગયો હતો. અનરાધાર વરસાદમાં કેદારનાથમાં ૨૦૦થી વધુ યાત્રીકો ફસાઈ જતા તાબડતોડ વહીવટીતંત્રને મોકલવામાં આવ્યું હતું. રાહત ટુકડીઓ દ્વારા વૈકલ્પિક માર્ગેથી યાત્રીઓને સુરક્ષિત બહાર કાઢવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

યાત્રાને કામચલાવ ધોરણે અટકાવી દેવામાં આવી હતી. કેદારનાથ ઉપરાંત યમુનોત્રીના માર્ગો પર પણ ભારે વરસાદ થતા યાત્રા રોકી દેવામાં આવી છે.

## સોનામાં રૂા.૧૦૦૦ અને ચાંદીમાં રૂા.૨૨૦૦નો ઉછાળો



નવી દિલ્હી તા.૧

સોના-ચાંદીના ભાવમાં મોટો ઉછાળો નોંધાયો છે. ફેડ દ્વારા બુધવારથી શરૂ થઈ રહેલી બે દિવસની મિટીંગના અંતે સપ્ટેમ્બરમાં રેડકટ લાવવાની જાહેરાત થવાની સંભાવનાએ માર્કેટમાં સોના-ચાંદી વધ્યા હતા. સોનુ વધુને ૭૨૦૦૦ એ પહોંચ્યું છે. સોના અને ચાંદી બન્નેમાં મોટો વધારો થયો છે. સોનામાં રૂા.૧૦૦૦ અને ચાંદીમાં રૂા.૨૨૦૦ વધ્યા છે. કેટલાક સમયથી સોના-ચાંદીના ભાવમાં સતત વધઘટ થઈ રહી છે. છેલ્લે સોનામાં ચાર હજાર અને ચાંદીમાં પાંચ હજારનું ગાબડુ પડયું હતું. ત્યારે સોનુ ફરી રૂા.૭૨૦૦૦એ ચાંદી ૮૫૭૦૦એ પહોંચ્યું છે.

## ભારતીય ટીમના પૂર્વ કોચ-દિગ્ગજ ક્રિકેટર અંશુમાન ગાયકવાડ કેન્સર સામેની જંગ હાર્યા



વડોદરા તા.૦૧:

ભારતીય ક્રિકેટ દિગ્ગજ ક્રિકેટર-પૂર્વ કોચ અંશુમન ગાયકવાડનું ૭૧ વર્ષની વયે નિધન થયું છે. ૭૧ વર્ષીય ગાયકવાડે ૨૨ વર્ષની કારકિર્દીમાં ૪૦ ટેસ્ટ અને ૨૦૫ ફર્સ્ટ ક્લાસ મેચ રમ્યા હતા. દિગ્ગજ ભારતીય ક્રિકેટર અંશુમાન ગાયકવાડનું કેન્સર સામે લાંબી લડાઈ હારી ગયા બાદ બુધવારે ૭૧ વર્ષની વયે અવસાન થયું હતું. અંશુમાન ગાયકવાડ છેલ્લા એક વર્ષથી બ્લડ કેન્સર સામે સંઘર્ષ કરી રહ્યા હતા. તેમની વડોદરાની ભાઈલાલભાઈ હોસ્પિટલમાં સારવાર ચાલતી હતી. અંશુમાન ગાયકવાડ ભારત માટે લાંબી ઈનિંગ્સ રમ્યા હતા. તેઓ પૂર્વ ભારતીય ટીમના પસંદગીકાર, ભારતીય ક્રિકેટ ટીમના કોચ અને બીસીસીઆઈ સેક્રેટરી રહી ચુક્યા છે.


## આજથી ૧૯ કિલોનો કોમર્શિયલ ગેસ સિલિન્ડર મોંઘો થયો



નવી દિલ્હી તા. ૧ :

સરકારી તેલ કંપનીઓએ એલપીજી સિલિન્ડરની કિંમતમાં વધારો કર્યો છે. જે ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરમાં લાગુ કરવામાં આવ્યું છે. તેની કિંમતમાં ૬.૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. વધેલા ભાવ આજથી અમલમાં આવી ગયા છે. અગાઉ સતત ચાર મહિના સુધી તેની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. જોકે, ફરી એકવાર ઘરોમાં ઉપયોગમાં લેવાતા ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ પહેલા ફેબ્રુઆરી અને માર્ચમાં એલપીજી સિલિન્ડરની કિંમતમાં વધારો થયો હતો.

# સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારોને SC-ST ક્વોટામાં ફેરફાર કરવાની મંજૂરી આપી



**રાજ્યોને હવે અનામતમાં સબ કેટેગરી બનાવવાનો અધિકાર રહેશે**


નવી દિલ્હી તા.૧

સુપ્રીમ કોર્ટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં ક્વોટાને મંજૂરી આપી દીધી છે. કોર્ટનું કહેવું છે કે ક્વોટા અસમાનતાની વિરુદ્ધ નથી. સુપ્રીમ કોર્ટના સાત ન્યાયાધીશોની બેન્ચે કહ્યું છે કે રાજ્ય સરકાર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વચ્ચે સબ કેટેગરી બનાવી શકે છે, જેથી મૂળ અને જરૂરિયાતમંદ વર્ગોને અનામતનો વધુ લાભ મળે. કોર્ટે ૬-૧ની બહુમતીથી ચુકાદો આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ક્વોટાની અંદર ક્વોટા વાજબી તફાવત પર આધારિત હશે. રાજ્યો આ અંગે તેમની ઈચ્છા મુજબ કાર્યવાહી કરી શકતા નથી. આ સાથે રાજ્યોની ગતિવિધિઓ ન્યાયિક સમીક્ષાને આધીન રહેશે. આ સાથે કોર્ટે ૨૦૦૪માં ઈવી ચિન્નૈયા કેસમાં આપેલા સુપ્રીમ કોર્ટના પાંચ જજોના નિર્ણયને પણ રદ કરી દીધો છે. વર્તમાન બેન્ચે ૨૦૦૪માં આપેલા નિર્ણયને બાજુ પર રાખ્યો છે, જેમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે SC/ST જનજાતિઓમાં સબ-કેટેગરી બનાવી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે અનામત હોવા છતાં, નીચલા વર્ગના લોકોને તેમનો વ્યવસાય છોડવો મુશ્કેલ બને છે. જસ્ટિસ ભૂષણ આર ગવઈએ સામાજિક લોકશાહીની જરૂરિયાત પર આંબેડકરના ભાષણને ટાંકીને કહ્યું કે પછાત સમુદાયોને પ્રાધાન્ય આપવું એ રાજ્યની ફરજ છે, અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ વર્ગના માત્ર થોડા લોકો જ અનામતનો લાભ ઉઠાવી રહ્યા છે. પરંતુ જમીની વાસ્તવિકતાને નકારી શકાય નહીં કે SC/STની અંદર એવી શ્રેણીઓ છે જે સદીઓથી જુલમનો સામનો કરી રહી છે.

# હજુ એક વર્ષ પહેલા ઉદ્‌ઘાટન થયેલ સંસદની નવી બિલ્ડીંગમાં પાણી ટપકયું



નવી દિલ્હી તા.૧

તમિલનાડુની વિરૂધનગર લોકસભા સીટના કોંગ્રેસના સાંસદ મણિકમ ટાગોર દ્વારા પોસ્ટ કરવામાં આવેલો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. શેર કરવામાં આવેલા વીડિયોમાં સંસદની નવી ઈમારતની અંદર પાણી લીકેજ જોવા મળી રહ્યું છે. વીડિયોમાં જોઈ શકાય છે કે છતમાંથી પાણી લીક થઈ રહ્યું છે અને પાણીને ફેલાતા અટકાવવા માટે ફ્લોર પર ડોલ મૂકવામાં આવી છે.

કોંગ્રેસ નેતાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, 'પેપર લીકેજ આઉટસાઈડ, વોટર લીકેજ ઈનસાઈડ'. રાષ્ટ્રપતિ દ્વારા ઉપયોગમાં લેવાતા સંસદની લોબીમાં પાણી લીકેજ, નવું ભવન હવામાન સંબંધિત સમસ્યાઓને પ્રકાશિત કરે છે, જે નિર્માણ પૂરૂ થયાને માત્ર ટૂંક સમયમાં જ સામે આવી છે. આ મુદ્દા પર લોકસભામાં સ્થગિત દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી.

કોંગ્રેસ નેતાએ વીડિયો પોસ્ટ કર્યા બાદ સોશિયલ મીડિયા યુઝર્સ આ ઘટના પર વિવિધ કોમેન્ટ કરી રહ્યા છે.

# જબલપુર ઓર્ડિનન્સ ફેકટરીમાંથી ૭૭ જેટલી એકે-૪૭ હજુ પણ મળી નથી : પોલીસની કામગીરી શંકાના દાયરામાં



જબલપુર તા.૧

જબલપુર ઓર્ડિનન્સ ફેકટરીમાંથી કુલ ૯૮ એકે-૪૭ ગાયબ થઈ હતી. જેમાંથી માત્ર ૨૧ને જપ્ત કરાઈ છે. ૭૭ હજુ પણ ગાયબ છે. તે ઉપરાંત પોલીસની મહેરબાનીથી તસ્કરો હજુ પણ તમામ હથિયારોનું વેચાણ કરી રહ્યા છે. બિહારના મુંગેર, ભાગલપુર, ગયા, પટણા અને ઝારખંડના નક્સલીઓને હથિયારોનું વેચાણ થતું હોવાની બાતમી છતાં પોલીસ ગંભીર નથી. ચાર્જશીટ દાખલ કરવામાં પોલીસને ૯૦ દિવસને બદલે ૧૮૦ દિવસ થવાને કારણે તમામ આરોપીઓને જામીન મળી ગયા. એ વાત સ્પષ્ટ છે કે એકે-૪૭નું વેચાણ કરીને તસ્કરોએ ગેરકાયદે સંપત્તિ બનાવી છે, પરંતુ કેસની તપાસ ED અથવા EOUને સોંપાઈ નથી. તત્કાલીન એસપીએ તમામ આરોપીઓની સંપત્તિની તપાસનો આદેશ આપ્યો હતો.

# વાયનાડ ભૂસ્ખલન દુર્ઘટનાનો મૃત્યુઆંક વધીને ૨૭૬ : હજુ ૨૪૦ લોકો લાપતા



વાયનાડ તા. ૧ :

કેરળમાં આવેલી કુદરતી આફતમાં સેંકડો મકાનો ધરાશાયી થયા છે. વાયનાડમાં ભૂસ્ખલનના ત્રણ દિવસ બાદ મૃત્યુઆંક ૨૭૬ પર પહોંચી ગયો છે. આ સાથે ૨૪૦ લોકો હજુ પણ લાપતા છે. આ વિસ્તારમાં સતત ચોથા દિવસે NDRF અને સેના દ્વારા બચાવ કાર્ય ચાલુ છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પણ પીડિતોને મળવા માટે આજે વાયનાડ જશે.

ભૂસ્ખલનગ્રસ્ત મુંડક્કાઈ અને ચુરલમાલામાં સેનાની આગેવાની હેઠળની શોધ અને બચાવ કામગીરીમાં બુધવાર સુધીમાં ૧,૦૦૦થી વધુ લોકોને બચાવ્યા હતા. મંગળવારે વહેલી સવારે વાયનાડના પહાડી વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થયું, જેમાં ઓછામાં ઓછા ૨૭૬ લોકો માર્યા ગયા અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા. અન્ય ૨૪૦ લોકો હજુ પણ ગુમ છે.

# ભારતીય સરહદમાં ઘુસવાનો પ્રયાસ કરનાર પાકિસ્તાની ઘૂસણખોરને સૈન્યએ ઠાર માર્યો

શ્રીનગર તા.૧

જમ્મુ-કાશ્મીરના સાંબા જિલ્લામાં ભારત-પાકિસ્તાન સરહદ પર BSF જવાનોએ એક પાકિસ્તાની ઘૂસણખોરને ઠાર માર્યો છે. આર્મી અધિકારીઓએ આજે જણાવ્યું હતું કે ઘૂસણખોરને ગત રાત્રે ૧૧ વાગ્યે ખોરા પોસ્ટ નજીક ભારતીય સરહદમાં ઘુસતા જોયો હતો.

BSF જવાનોની ચેતવણી બાદ પણ ઘુસણખોર રોકાયો નહીં, ત્યારપછી ફાયરિંગમાં તે માર્યો ગયો. સુરક્ષા અધિકારીએ કહ્યું કે ઘુસણખોર ભારત-પાકિસ્તાન સરહદની ઝીરો લાઈન પાર કરી રહ્યો હતો, જે સરહદ પ્રોટોકોલનું ઉલ્લંઘન હતું. ઘુસણખોરની ઓળખ અને હેતુ જાણી શકાયો નથી. અધિકારીઓએ તપાસ શરૂ કરી છે.

પોલીસ અને સેનાએ રાજૌરી જિલ્લાના કાલાકોટ વિસ્તારમાં સંયુક્ત ઓપરેશનમાં આતંકવાદીના છુપાયેલા ઠેકાણા શોધી કાઢ્યા છે.





BLACK DISINFECTANT FLUID પરિવારને રાખો નિરોગી, સ્વચ્છતા લાવો અનોખી.
B.B. PRODUCT
ઓકે®
ફીનાઈલ
An ISO 9001:2015 Certified Company
નિર્માતા :
બી.બી. હાઉસહોલ્ડ પ્રોડકટસ પ્રા. લી.
M. 92278 75773 | E-mail: bbokayindia@gmail.com
Web: www.okay-india.com
Sale

તાત્કાલિક માણસો જોઈએ છે..
ધોરણ ૧૨ પાસ કોમ્પ્યુટરનાં જાણકાર
અંગ્રેજી આવડતું હોવું જોઈએ...
દુબઈ - કુવૈત - માલદીવ
સાઉદી - માલ્ટા - મોરેશ્યસ
● કારપેન્ટર ● ઈલેક્ટ્રીશ્યન
● પ્લમ્બર ● ઓફિસબોય
● હાઉસબોય ● ખેતીવાડી
વગેરે....
તાત્કાલીક માણસો જોઈએ છે (ઉંમર ૨૨ થી ૩૨ વર્ષ)
વિઝા - ટીકીટ આવે પછી પેમેન્ટ
100% Work Visa
પાસપોર્ટ ધરાવતા વ્યક્તિ સંપર્ક કરે.
જૂનાગઢ : 63549 69729

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ ● સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત (એસેડીટી)
કબજીયાત, ગેસની તકલીફો
ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨

પ્લોટ વેચવાના છે
RSP No.77. ચોબારી
વૃજભુષન-૧,
પ્લોટ નં.૧૧,૧૨,૧૩ કુલ ચો.મી. ૩૩૬
મો. ૯૯૯૮૯ ૮૭૦૧૦
સાઈટ જોવા માટે મો. નં. ૯૯૦૯૬ ૯૧૦૩૩
રવિવારે ૯ થી ૧૦ સુધીમાં

:: વેચવાનો છે ::
ઝાંઝરડા રોડ નજીક,
ઝાંઝરડા રોડ ટચ ૨૫૦૦ + ૨૭૦૦ સ્કવેર ફુટ, બીજો માળ આખો, હોસ્પિટલ તથા શો-રૂમને લાયક, ફુલ્લી પાર્કિંગ તથા BU સર્ટીફીકેટ સાથે વેચવાનો છે.
(દલાલભાઈઓ આવકાર્ય)
Mo.99783 02386

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ


# વેરાવળના વેપારી પાસેથી લીધેલ માલના બદલામાં આપેલ ચેક રીટર્નના કેસમાં આરોપીને બે વર્ષની સજા ફટકારી

## કોર્ટે આરોપીને સજા સાથે ચેક રકમની દોઢી રકમનો દંડ ફટકારતો હુકમ કર્યો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧

વેરાવળના વેપારી પાસેથી બિલ્ડીંગ મટીરીયલનો માલ સામાન લઈ તેના બીલની રકમ સામે આપેલ ચેક બેંકમાંથી રિટર્ન થયો હતો. જે કેસમાં કોર્ટે આરોપીને બે વર્ષની સજા અને ચેકની દોઢી રકમ ચૂકવવાનો દંડ ફટકારતો સીમાચિન્હ હુકમ કર્યો છે. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ વેરાવળની પેઢી ગજાનન બિલ્ડર્સ એન્ડ સપ્લાયરના માલીક વસંતભાઈ દામજીભાઈ સાવલીયાએ સીડોકરના રહીશ અરજણભાઈ હીરાભાઈ ચુડાસમા તથા કંચનબેન પાસેથી બિલ્ડીંગ મટીરીયલ લીધેલ જેના લેણા બાકી હોય તે પેટે આપેલ બેંકમાંથી વગર વસુલાતે રીટર્ન થયો હતો. જેથી વેપારી વસંતભાઈએ અરજણભાઈ તથા કંચનબેન સામે વેરાવળના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટ મુજબની ફરીયાદ કરી હતી. આ કેસમાં વેપારીના એડવોકેટ ગૌતમભાઈ ગંભીરએ જરૂરી તમામ લેખીત તથા મૈખિક પુરાવાઓ રજુ કરી ધારદાર દલીલો કરી હતી. જેને ધ્યાને લઈ કોર્ટે આરોપી અરજણ ચુડાસમાને કલમ-૧૩૮ ના ગુનામાં તક્ષીરવાન ઠેરવી બે વર્ષની કેદની સજા અને ચેકની રૂા.૧.૬૬ લાખની રકમ તથા તેની દોઢી રકમ ગણતા રૂા.૨.૪૯ લાખની રકમ ફરીયાદીને વળતર તરીકે ચુકવવા દંડ ફટકારતો હુકમ કરેલ છે. જેમાં દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સજા ફટકારી છે.

# ખંભાળિયા નજીક પોલીસ કર્મી ઉપર કાર ચડાવીને હત્યાના પ્રયાસના ગુનામાં મેવાસાના બે આરોપીઓને આજીવન કેદની સજા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧

ખંભાળિયા નજીકના હાઈવે માર્ગ ઉપર આજથી આશરે ૧૦ વર્ષ પૂર્વે ફરજ ઉપર રહેલા એક પોલીસ કર્મચારી સાથે દંડની પાવતી ફાડવા બાબતનો પૂર્વગ્રહ રાખી, કલ્યાણપુરના મેવાસા ગામના બે શખ્સોએ મોટરસાયકલ ઉપર જઈ રહેલા પોલીસ કર્મીને કાર વડે ઠોકર મારી, ઈજાઓ પહોંચાડતા આ સમગ્ર બનાવ અંગે ખંભાળિયાની સેશન્સ અદાલત દ્વારા આરોપીઓને આજીવન કેદ તેમજ રૂપિયા એક લાખનો દંડ ફટકારતો દાખલારૂપ હુકમ કર્યો છે. આ સમગ્ર ચકચારી પ્રકરણની વિગત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ખાતે વર્ષ ૨૦૧૪ ના સમયગાળા દરમિયાન પોલીસ કર્મચારી દેવાણંદભાઈ આલાભાઈ સુવા કે જેઓ જે-તે સમયે જિલ્લા ટ્રાફિક વિભાગમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તેઓ તારીખ ૫ જુલાઈ ૨૦૧૪ ના રોજ અહીંના મિલન ચાર રસ્તા વિસ્તારમાં ટ્રાફિક અંગેની ફરજ બજાવી રહ્યા હતા, ત્યારે અહીં અડચણરૂપ થાય તે રીતે રાખવામાં આવેલી એક મોટરકારના ચાલકને પોલીસ કર્મી દેવાણંદભાઈએ પોતાની કાર સાઈડમાં ઉભી રાખવા માટે જણાવ્યું હતું અને વારંવાર જણાવવા છતાં પણ કારમાં સવાર બંને શખ્સોએ દેવાણંદભાઈ સાથે રકઝક કરી હતી. જેથી ફરજના ભાગરૂપે ટ્રાફિક શાખાના સાથી પોલીસ કર્મચારીઓ દ્વારા હાજર દંડની પાવતી તેઓને પકડાવી દેવામાં આવી હતી. દંડ ભરવાનું કહેતા કારમાં જઈ રહેલા કલ્યાણપુર તાલુકાના મેવાસા ગામના રામદેવ માલદે ગાધેર દ્વારા ધમકી આપવામાં આવી હતી કે "હું કોણ છું તે તું જાણતો નથી. તને હું જોઈ લઈશ." આ બનાવના બીજા દિવસે તારીખ ૬ જુલાઈ ૨૦૧૪ના રોજ દેવાણંદભાઈ સુવા પોતાની મોટર સાયકલ પર માર્કેટિંગ યાર્ડ વિસ્તારમાં પોતાની ફરજ પર હતા, તે દરમિયાન આરોપી રામદે માલદે ગાધેર તથા તેની સાથે વિજય ઉર્ફે વીરો દેવાણંદ ગાધેર પોલીસ કર્મચારીએ દેવાણંદભાઈ સુવાને જોઈ ગયા હતા. જામનગર-દ્વારકા હાઈવે પરના ઉપરોક્ત સ્થળે આરોપીઓએ પોતાની મોટરકાર દ્વારા પોલીસ કર્મચારી દેવાણંદભાઈ સુવાને મારી નાખવાના ઈરાદાથી તેમના મોટરસાયકલને પાછળથી ઠોકર મારી હતી. જેના કારણે દેવાણંદભાઈ સુવાને શરીરને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. જે અંગે જે-તે સમયે ધોરણસર પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેનો કેસ ખંભાળિયામાં પ્રિન્સિપલ સેશન્સ જજ શ્રી એસ.વી. વ્યાસની અદાલતમાં ચાલી જતા આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ કમલેશભાઈ દવે દ્વારા કરવામાં આવેલી ધારદાર દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ, નામદાર અદાલતે બંને આરોપીઓને આજીવન કેદની સજા તથા આરોપીઓએ ફરિયાદી પોલીસ કર્મચારી દેવાણંદભાઈ સુવાને રૂપિયા એક લાખ બંનેએ ચૂકવવા માટે હુકમ કર્યો હતો.

# જાણીતા લડાયક નેતા રાજુલાના પુર્વ ધારાસભ્ય અંબરીશ ડેર અને ગૌ ભક્ત અર્જુન આંબલીયાની




(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૧

ગૌમાતાને રાષ્ટ્ર માતાનો દરજ્જો આપી ગૌ હત્યા બંધ થાય તે માટે છેલ્લા ઘણા વર્ષોથી સતત મુહિમ ચલાવી રહેલા ગૌ ભક્ત અર્જુન આંબલીયા અને ગુજરાતના જાણીતા લડાયક નેતા રાજુલાના પુર્વ ધારાસભ્ય અંબરીશ ડેરની રાજુલા ખાતે આવેલ તેમની આવકાર કાર્યાલય ખાતે શુભેચ્છા મુલાકાત થઈ હતી.

અર્જુન આંબલીયા એ જણાવ્યું કે અમારી મુહીમમાં ૨૦૨૨ માં ૧૯ ગૌ ભક્તો ઉપર સરકારે ખોટા કેસ કર્યા તેમાં અંબરીશભાઈ ડેર દ્વારા ગૌ ભક્તો માટે સંતોષ કારક પ્રયાસો કર્યા છે એ બદલ અમારી ટીમ દ્વારા એમનું સન્માન કરી એમનો આભાર માનવામાં આવ્યો હતો.

# રાવલ નજીકના રિક્ષા પાણીમાં ખાબકી : સદભાગ્યે અકસ્માતમાં મોટી જાનહાનિ ટળી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ વર્ષે અવિરત રીતે ભારે વરસાદ વરસવાના કારણે અનેક જગ્યાએ પાણી ભરાઈ જવાના બનાવ બન્યા છે. જેમાં ખાસ કરીને કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે ઠેર ઠેર પાણી ભરાતા લોકોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. રાવલના મુખ્ય માર્ગ પર વરસાદી પાણી ભરાઈ જતા અગાઉ અનેક વખત રાવલ ગામ વિખૂટું પડી ચૂક્યું છે. જામ રાવલ પાસેના પાસોડી નજીકના વિસ્તારમાં હાઈવે માર્ગ પરથી શ્રમિકોને લઈને જઈ રહેલી એક છકડો રિક્ષા ગઈકાલે પાણીમાં ખાબકી હતી. જામ રાવલ નજીક આવેલા પાસોડી ગામ પાસેના વિસ્તારમાં આવેલ હાઈવે માર્ગ પાસેના ખેતરોમાં પાણી ભરેલા હોય, રીક્ષા ચાલકે સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતા રીક્ષામાં સવાર આશરે ૧૫ જેટલા મજૂર સાથેનો આ રીક્ષા રોડ નીચે પાણીમાં ખાબકી હતી. જેથી તમામ ઈજાગ્રસ્ત મુસાફરોને પ્રાથમિક સારવાર અર્થે રાવલની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જે પૈકી એકની હાલત ગંભીર હોય, વધુ સારવાર માટે ખંભાળિયાની સીવીલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સદનસીબે આ અકસ્માતમાં મોટી જાનહાનિ ટળી હતી.

# દ્વારકા જગત મંદિરે શ્રીજીને ભક્ત પરિવારે સોનાનો ગંઠો અર્પણ કર્યો



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧

જગ પ્રસિધ્ધ દ્વારકા જગત મંદિરે ભગવાન શ્રી દ્વારકાધીશજીના પરમ વૈષ્ણવ પરીવાર દ્વારા ઠાકોરજીને (અંદાજે સોનું ૧૯૦ ગ્રામ) સોનાના ગંઠો અર્પણ કરવામાં આવ્યા હતો.

# દ્વારકામાં બે વરલી ભક્તોને ઝડપી લેતી એલસીબી પોલીસ

(પ્રતિનિધિ દ્વારા)



જામ ખંભાળિયા તા.૧

દેવભૂમિ દ્વારકા ખાતે એલ.સી.બી. વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. અરજણભાઈ મારુ તથા પીઠાભાઈ જોગલને મળેલી ચોક્કસ બાતમીના આધારે નરસંગ ટેકરી વિસ્તારમાંથી વરલી મટકાનો જુગાર રમી રહેલા અકબર ઓસમાણ ગજણ અને કાનાભા લખમણભા માણેક નામના બે શખ્સોને ઝડપી લઈ, રૂપિયા ૧૧,૮૦૦ રોકડા તથા રૂપિયા ૫,૦૦૦ ની કિંમતના બે નંગ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧૬,૮૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ દરોડા દરમિયાન અશોકભાઈ ગોંડલવાળા નામનો શખ્સ ફરાર થઈ ગયો હોવાનું જાહેર થયું છે. જે અંગે દ્વારકા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

# આજે રાષ્ટ્રીય પર્વતારોહણ દિવસ

એક શોખ કરતાં વધુ જરૂરિયાત તરીકે શરૂ કરીને, પર્વતારોહણ વર્ષોથી વિકસ્યું છે અને એક અકલ્પનીય રમત તરીકે વિકસિત થયું છે. કેટલીકવાર પર્વતારોહણ કહેવાય છે, આ પ્રકારની પ્રવૃત્તિ આધુનિક સાધનો, અનુભવ અને ક્લબ અથવા જૂથો કે જેઓ એકબીજાને ટેકો આપવા માટે સાથે મળીને કામ કરે છે તે સાથે વધુ સુલભ બની છે. રાષ્ટ્રીય પર્વતારોહણ દિવસની ઉજવણીની સ્થાપના બે પર્વતારોહકોના પ્રયત્નોને સન્માન કરવા માટે કરવામાં આવી હતીઃ જોશ મેડિગન અને બોબી મેથ્યુઝ. આ બે સમર્પિત પર્વતારોહકોએ ન્યૂયોર્કના એડિરોન્ડેક પર્વતોના તમામ ૪૬ શિખરોનું સફળતાપૂર્વક ચઢાણ પૂર્ણ કર્યું.

તેઓ ૧ ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ તેમના અંતિમ શિખર, વ્હાઈટફેસ પર પહોંચ્યા, અને ત્યારથી આ દિવસ વાર્ષિક ધોરણે ઉજવવામાં આવે છે. જો કે, પર્વતારોહણના ઈતિહાસમાં ઓગસ્ટના પ્રથમ દિવસનું મહત્વ ઘણું દૂર સુધી પહોંચે છે. વાસ્તવમાં, તે ઓગસ્ટ ૧,૧૮૯૮ ના રોજ હતું જ્યારે વ્યોમિંગમાં ગ્રાન્ડ ટેટોન પર પ્રથમ સફળ ચઢાણ થયું હતું. રાષ્ટ્રીય પર્વતારોહણ દિવસ આ બંને ઘટનાઓની તેમજ વર્ષોથી પર્વતારોહકો દ્વારા કરવામાં આવેલ તાકાત અને સહનશક્તિના તમામ અકલ્પનીય પરાક્રમોની ઉજવણી કરે છે.

**પર્વતારોહણની કેટલીક હકીકતો જાણો**

આમાંની કેટલીક મનોરંજક હકીકતો શીખીને અને શેર કરીને રાષ્ટ્રીય પર્વતારોહણ દિવસની ભાવનામાં પ્રવેશ કરે. વિશ્વના તમામ ૧૪ સૌથી ઊંચા પર્વતો હિમાલય અને કારાકોરમ પર્વતમાળામાં સ્થિત છે, જે એકસાથે "આઠ હજારો" તરીકે ઓળખાય છે. માઉન્ટ એવરેસ્ટ એ અત્યાર સુધીનું સર્વોચ્ચ શિખર છે અને ૪,૦૦૦ થી વધુ લોકોએ આ સિદ્ધ કર્યું છે. પર્વતારોહણનો સૌથી ઘાતક માર્ગ નેપાળમાં અન્નપૂર્ણા સમિટ છે જેમાં મૃત્યુ દર ૪૦% થી વધુ છે.

- ડો. જી.આર. ગોહિલ

# રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમનું નવું પુસ્તક 'કોલ ઓફ ધ ગીર' ભેટ કર્યું

(પ્રતિનિધિ દ્વારા)


દ્વારકા તા.૧

રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પોતાના નવા પુસ્તક 'કોલ ઓફ ધ ગીર'ની પ્રથમ નકલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રધાનમંત્રી નિવાસ ખાતે એક નાનકડા પારિવારિક મિલન કાર્યક્રમમાં ભેટ કરી છે. વડાપ્રધાને આ પુસ્તકને ગરિમાપૂર્વક સ્વીકારવાની સાથે-સાથે નથવાણીના પરિવાર સાથે આનંદની પળો વિતાવી હતી. આ પ્રસંગે નથવાણીએ તેમનું આ પુસ્તક વડાપ્રધાનને 'પ્રોજેક્ટ લાયન અને Lion@2047: અમૃતકાળની પરિકલ્પના'ના આર્ષદૃષ્ટા તરીકે સમર્પિત કર્યું છે. આ પુસ્તકમાં વડાપ્રધાનનો સંદેશ પણ સામેલ છે. પુસ્તક અર્પણ કર્યા બાદ, નથવાણી સાથેના અનૌપચારિક સંવાદમાં, વડાપ્રધાનએ ગીરના પ્રવાસન અંગે પૃચ્છા કરી હતી અને ગીરમાં વિદેશી પ્રવાસીઓને આકર્ષવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવાની જરૂરીયાત ઉપર ભાર મૂક્યો હતો. ગીર અભયારણ્યની આસપાસ વનીકરણને સઘન બનાવવાની તાતી જરૂરીયાત હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાનએ આ સુંદર કોફી ટેબલ બૂક બહાર પાડવા અંગેની નથવાણીની પ્રતિબધ્ધતાને બિરદાવતા જણાવ્યું હતું કે તેમણે વ્યાવસાયિક અને જાહેરજીવનની જવાબદારીઓને સંતુલિત કરીને 'કોલ ઓફ ધ ગીર' (ગીરના સાદ)નો પ્રત્યુત્તર આપ્યો છે. 'કોલ ઓફ ધ ગીર' એ નથવાણીની વધુ એક કોફી-ટેબલ બુક છે. ખ્યાતનામ આંતરરાષ્ટ્રીય પ્રકાશક ક્વિગનોગ દ્વારા તેનું પ્રકાશન કરાયું છે. અગાઉ ૨૦૧૭માં, નથવાણીએ પુસ્તક



'ગીર લાયન્સઃ પ્રાઈડ ઓફ ગુજરાત' લખ્યું હતું, જેનું પ્રકાશન ટાઈમ્સ ગ્રુપ બુક્સ (ટીજીબી) દ્વારા કરાયું હતું. રાજ્યસભાના સાંસદ તેમજ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના કોર્પોરેટ અફેર્સના ડાયરેક્ટર પરિમલ નથવાણીએ આ પ્રસંગે માનનીય વડાપ્રધાનનો આ પુસ્તકના આદરપૂર્વક સ્વીકાર બદલ આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે, ''મારા માટે એ અત્યંત ગર્વની વાત છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ આ પુસ્તકને ધીરજપૂર્વક નિહાળ્યું છે. અગાઉ નરેન્દ્ર મોદીજી ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયે અને હાલ તેઓ ભારતના વડાપ્રધાન છે ત્યારે પણ તેમણે ગીર, ગુજરાતમાં એશિયાટિક સિંહોના સંવર્ધન અને રક્ષણ માટે ઘણું કામ કર્યું છે.''

# ભાણવડમાં રોડ ઉપર બેસતા ગૌવંશોના રક્ષણાર્થે યોજાઈ રેડિયમ બેલ્ટ ડ્રાઈવ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧

ભાણવડમાં અબોલ જીવોની સેવાના ક્ષેત્રે છેલ્લા ઘણા વર્ષોથી કાર્યરત એનિમલ લવર્સ ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યો દ્વારા ગત વર્ષની જેમ આ વર્ષે પણ ચોમાસા દરમ્યાન ગૌવંશો રોડ પર સૂકી જગ્યાને કારણે અડ્ડો જમાવીને બેસતા હોય છે, ત્યારે પ્રતિદિન ઘણા અકસ્માતો સર્જાતા જણાય છે. ત્યારે ગૌવંશો અકસ્માતનો ભોગ ન બને તે માટે ભાણવડના રૂપામોરાથી વેરાળ ગામ સુધી રોડ પર આવીને બેસતા ગૌવંશોને ખોળ-રજદાણ ખવડાવી ગળામાં હાઈ રિફલેક્ટેડ રેડિયમના બેલ્ટ બાંધવામાં આવ્યા હતા. જેથી વાહન ચાલકને રાત્રિ દરમ્યાન તુરત ધ્યાનમાં આવે અને અકસ્માત ટાળી અને ગૌવંશનું રક્ષણ થઈ શકે. આ સમગ્ર સેવા પ્રવૃત્તિમાં એનિમલ લવર્સ ચેરી. ટ્રસ્ટ સંચાલિત શિવ બળદ આશ્રમના અશોકભાઈ ભટ્ટ, મેરામણભાઈ ભરવાડ, રમેશભાઈ ભરવાડ, અનિલભાઈ પરમાર, લાલુ કારાવદરા, અક્ષય સૂચક જયેશ અને નિમિષ જોડાયા હતા. આગામી દિવસોમાં પણ જુદા-જુદા વિસ્તારોના રોડ પર રેડિયમ બેલ્ટ ડ્રાઈવ યોજવાનું આયોજન છે.

# ખંભાળિયાની મામલતદાર કચેરી ખાતે રેશનકાર્ડ અને આધાર કાર્ડ સાથે જોડી ઈ-કે.વાય.સી. કામગીરી થશે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧

ખંભાળિયા સહિત સમગ્ર તાલુકામાં રહેતા લોકોને તેમના રેશનકાર્ડ પોતાના આધાર કાર્ડ સાથે જોડીને ઈ-કે.વાય.સી.ની કામગીરી સત્વરે પૂર્ણ કરવાની રહેશે. દરેક રેશનકાર્ડ ધારકો આ કામગીરી "માય રેશન એપ" મોબાઈલ એપ્લિકેશનમાં જાતે કરી શકે છે. આટલું જ નહીં, આધાર કાર્ડ સાથે મામલતદાર કચેરી ખાતે રૂબરૂ ઉપસ્થિત રહીને પણ ઈ-કે.વાય.સી. કરાવી શકે છે. વધુ જાણકારી માટે વ્યાજબી ભાવની દુકાન તેમજ ખંભાળીયા મામલતદાર કચેરીનો સાધવા યાદીમાં જણાવાયું છે.

# ગીર સોમનાથ જીલ્લા પ્રશાસનનો આભાર માનતું બરૂલા ગામ

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૧

સુત્રાપાડા તાલુકાના બરૂલા ગામે અતિભારે વરસાદ થવાના કારણે તળાવના પાળાનું ધોવાણ થયું હતું. જેના લીધે રસ્તાને નુકશાન થયું હતું.

ગામના લોકોને અવરજવરમાં અગવડતા ન પડે અને ગામ લોકોની સુખાકારી જળવાઈ રહે તે માટે તે જગ્યાએ તુરંત રીપેર થાય એ હેતુથી ગામના સરપંચશ્રી, માજી સરપંચશ્રીઓ, સભ્યશ્રીઓ, આગેવાનો તથા ગ્રામજનોએ આ અંગે તુરંત તંત્રને રજુઆત કરતા રજુઆત ના પગલે જિલ્લા કલેકટરશ્રી દિગ્વિજયસિંહ જાડેજા સાહેબ તથા ભદોરિયા સાહેબ (R & B ડીવીજન) દ્વારા તંત્રને તાત્કાલિક સ્થળ તપાસ કરીને યોગ્ય પગલાં લેવાનું કહેતા તંત્ર તથા ગ્રામજનોએ મળીને રસ્તા તથા તળાવના પાળા રિપેરની સંપૂર્ણ કામગીરી તુરંત પૂર્ણ કરાઈ હતી.

વધુમાં, આ કાર્ય સંપૂર્ણપણે તુરંત પૂર્ણ કરવા બદલ સમસ્ત બરૂલા ગામ જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા સાહેબ તથા ભદોરિયા સાહેબ (R & B ડીવીજન) તથા સમગ્ર તંત્ર નો દિલથી ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે તથા તુરંત લેવાયેલ પગલાં સામે ગ્રામજનો સંતોષ ની લાગણી અનુભવે છે.




# મિત્રોને યાદ કરવાનો દિવસ એટલે ફ્રેન્ડશીપ ડે

આંતર રાષ્ટ્રીય ફ્રેન્ડશીપ ડે ઓગષ્ટ મહિનાના પ્રથમ રવિવારે મનાવવામાં આવે છે. તે મુજબ ભારતમાં પણ રવિવારે ૨ ઓગષ્ટ, ૨૦૨૦ ના રોજ ઉજવવામાં આવશે. આની શરૂઆત ૧૯૫૮ના પરાગ્વેમાં ઉજવવામાં આવેલ. શરૂઆતમાં ગ્રેટીંગ કાર્ડ મારફત એક બીજાને સુભેષા પાઠવતા હતા હવે સોસીયલ નેટવર્ક (ડીઝીટલ નેટવર્ક) દ્વારા પાઠવવામાં આવે છે. આજે ભૌતિક વાડી સમયમાં માણસને સ્વાર્થજ દેખાય છે. હું સ્વાર્થ વગર ઉંબરો ઓળંગતો નથી તેમ બીજો પણ સ્વાર્થ વગર ઉંબરો ઓળંગતો નથી. આપણું સામાજીક ધોરણ ઘટતું નીચું ગમું છે. આવા સમયે મિત્ર આપણને સાચો માર્ગ બતાવે છે. તેને કોઈ સ્વાર્થ હોતો નથી. તેમા પણ સારા - નરસા મિત્રો હોય છે. સારા મિત્રો પાસેથી વિધાક દ્રષ્ટિ કોણ તો મળે પણ સાથે આપણને ઉર્જા પણ મળે જેનાથી આપણું મન પ્રફુલિત રહે. દિવસ સારો જાય. મિત્રો ગમે તેવી પરિસ્થિતિમાં ખડે પણે ઉભો રહે. આજના દિવસે આપણે આપણા મિત્રને રૂબરૂ મળીતો નહિ શકીએ પરંતુ કોવીડ - ૧૯ નાં કારણે સોસીયલ મીડિયા દ્વારા સુભેચ્છા પાથવીયે. મિત્રના કરવી સહેલી છે પણ તેને નિભાવવી ઘણી અધરી છે. મિત્રતામાં કોઈ જાતી-જ્ઞાતિ, લીંગ, દેશ, પરદેશઅમીરગરીબ થી ઉપર હોય છે. આજે ફ્રેન્ડશીપ ડે છે આમતો મિત્રો માટે જબધ્ધા દિવસો હોઈ છે એટલે અલગ થી દિવસશું મનાવવાનો, પરંતુ એ તો છેજ અનેહમેશા રહેશે જ. તો આ દિવસે એવા બધા મિત્રો ને હૃદય પૂર્વક યાદ કરૂ છુંમિત્ર શબ્દ સાંભળતાની સાથે જ આપણો જે પ્રિય મિત્ર હોય તેનો ચહેરો આપણી નજર સામે આવી જાય છે અને તે સાથે જ આપણા ચહેરા ઉપર સ્મિત પણ. મિત્રનો સંબંધ એક એવો અનોખો સંબંધ છે જે આ દુનિયાના બધા જ સંબંધોથી ઉપર છે. સુખ હોય કે દુખ ચાહે ગમે તેવી પરિસ્થિતિ આવી જાય તો ભલે આખી દુનિયા સાથ છોડી દે પણ તે તો હંમેશા પડછાયાની માફક સાથે જ રહે છે. અરે એક સમયે પડછાયો પણ અંધારામાં સાથ છોડી દે છે પરંતુ જો મિત્ર હાથ પકડી લે તો તે આખી જીંદગીભર નથી છોડતો. પણ આજના યુગમાં તેવા મિત્રો મળવા અશક્ય છે. આજનો યુગ તો દેખાવાનો યુગ થઈ ગયો છે તેથી તો કૃષ્ણ અને સુદામા જેવી દોસ્તી જોવા મળતી નથી નહિતર શું જરૂર છે આ ફ્રેન્ડશીપ ડે ઉજવવાની ? શું આપણે જીવનના દરેક દિવસને ફ્રેન્ડશીપ ડે તરીકે ન ઉજવી શકીએ ? મિત્રતા દિવસ ઉજવવા માટે કોઈ ચોક્કસ દિવસ હોવો એ કાંઈ જરૂરી નથી. પરંતુ આજે કોલેજોમાં તો આનું ખુબ જ મહત્વ વધી ગયું છે. ઓગસ્ટ મહિનાનો પહેલો રવિવાર આવ્યો એટલે બધા જ યંગસ્ટર તૈયાર થઈ જાય છે તેને ઉજવવા માટે અને ન જાણે કેટલાય રૂપીયા વેડફી નાંખે છે ફ્રેન્ડશીપ ડે ના નામ પર. અને તે પણ દિલથી કરે તો ઠીક છે પરંતુ આ બધુ તો બીજા લોકોને દેખાડવા માટે કે અમે કેટલા સાચા મિત્રો છીએપરંતુ આ બધું કરતાં પણ જો તેઓને એકબીજા માટે માન હોય અને અને દિલથી મિત્ર માનતાં હોય તો ઠીક નહિતર બધો જ ખર્ચ નકામો. પરંતુ હા મિત્ર શોધવામાં જો જો તમે થાપ ન ખાઈ જતાં. ગુજરાતીમાં એક કહેવત છે કે-જો તમને એક સાચો મિત્ર મળી જશે તો પછી તમારે હજારોલાખોસંબંધીઓનીપણજરૂરનથીમિત્ર બનાવવામાં તમે કોઈ કેટેગરી પસંદ ન કરી શકોમિત્રતા દિવસ ઉપર કઈક ખાસ એવું કામ કરીએ આપણા મિત્ર માટે કે જેથી કરીને તેને પણ લોકોને કહેતા ગર્વ થાય કે આ 'મારો' મિત્ર છે અને આખી જીંદગી તે તમને અને આજના દિવસને ભુલી ન શકે.

**મિત્રનો અર્થ**

- એક સાચો મિત્ર હજારો સંબંધીઓની ગરજ સારે છે.
- કોઈ પણ માણસ નકામો નથી જો એ કોઈનો સારો મિત્ર હોય તો.
- મિત્રો એટલે બે શરીર અને એક આત્મા.
- અજવાળામાં એકલા ચાલવા કરતાં અંધારામાં મિત્ર સાથે ચાલવું વધું સારૂ.
- કંઈ પણ બોલ્યા વિના આપણી આંખો જોઈને આપણું દુઃખ સમજી જાય તે મિત્ર.
- આપણી સફળતા જોઈને આપણા કરતાં પણ વધું ખુશ થાય તે મિત્ર.
- મિત્ર એક એવું ગુલાબ છે તે તમારા જીવનને પોતાની સુગંધથી ભરી દે છે.
- અંધારામાં એક આશાનું કિરણ એટલે મિત્ર.
- મુશળધાર વરસાદમાં પણ તમારા આંસુને ઓળખી લે તે મિત્ર.
- તમારી આંખમાંથી પડતાં આંસુ ઝીલી લે તે મિત્ર.
- મિત્ર એટલે જેની ઉપર તમે આંખો બંધ કરીને વિશ્વાસ કરી શકો

- ડો. જી.આર. ગોહિલ

### પ્રાકૃતિક ખેત ઉત્પાદનનું સર્ટિફિકેશન કરાવવું ખેડૂતો માટે ફાયદાકારક

# ખેડૂતોને પ્રાકૃતિક ખેત ઉત્પાદનોના સર્ટિફિકેશનથી ગ્રાહકોને ગુણવત્તાની ખાતરી થવાની સાથે મજબૂત વિશ્વાસ કેળવાઈ છે

## જૂનાગઢ જીલ્લાના ૨૩,૪૫૧ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી : પરંપરાગત કૃષિ છોડીને પ્રાકૃતિક કૃષિ તરફ વાળતા ખેડૂતો : બજારના ફાયદા માટે પણ પ્રાકૃતિક ખેત ઉત્પાદનનું સર્ટિફિકેશનની આવશ્યક




જૂનાગઢ, તા.૧

પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ પોતાના ખેત ઉત્પાદનોનું સર્ટિફિકેશન કરાવવું ફાયદાકારક છે, હવે ખેડૂતો પરંપરાગત કૃષિ છોડીને પ્રાકૃતિક કૃષિ અપનાવી રહ્યા છે. ત્યારે પ્રાકૃતિક ખેત ઉત્પાદનોના સર્ટિફિકેશનથી ગુણવત્તાની ખાતરી, ગ્રાહકોનો મજબૂત વિશ્વાસ અને બજારના ફાયદાનો મળે છે.

ખેડૂતો હવે પરંપરાગત કૃષિથી પ્રાકૃતિક કૃષિ તરફ વળી રહ્યા છે. પ્રાકૃતિક કૃષિની દ્રષ્ટિએ હવે જૂનાગઢ જિલ્લો પરિવર્તન લાવી રહ્યો છે. એક અંદાજ મુજબ જિલ્લાના ૨૩,૪૫૧ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી ચૂક્યા છે અને ઘર બેઠાં જ પ્રાકૃતિક ઢબે ઉત્પાદિત પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ કરી રહ્યા છે.

પ્રાકૃતિક ખેત ઉત્પાદનોનું સર્ટિફિકેશન એ સુનિશ્ચિત કરે છે કે, ખેડૂતો પ્રાકૃતિક ખેતીના ધારા-ધોરણો અને નિયમોનું પાલન કરી રહ્યા છે, ઉપરાંત તેમની ખેત પેદાશોને માન્યતા આપે છે. પ્રાકૃતિક ખેતી દ્વારા ઉગાડવામાં આવતા ખેત ઉત્પાદનોની ગુણવત્તાની ખાતરી, ગ્રાહકોને મજબૂત વિશ્વાસ પૂરો પાડવો, છેતરપીંડીના નિવારણ અને બજારના ફાયદા માટે પ્રાકૃતિક ખેત ઉત્પાદનને સર્ટિફિકેશનની આવશ્યકતા રહે છે. પ્રાકૃતિક ખેત ઉત્પાદન માટે સર્ટિફિકેશનનું મહત્વ એટલે પણ વધુ રહે છે, સર્ટિફિકેશન થકી પ્રમાણિત પ્રાકૃતિક ખેત ઉત્પાદનને બજારમાં સ્પર્ધાત્મક લાભ પ્રાપ્ત થાય છે. સાથે તેની મદદથી રાસાયણિક ખેત ઉત્પાદન અને પ્રાકૃતિકખેત ઉત્પાદન બંનેને અલગ અલગ તારવી શકાય છે.

ભારતમાં પ્રાકૃતિક ખેતી માટે કુલ ત્રણ પ્રકારની પ્રચલિત સર્ટિફિકેશન સિસ્ટમ છે. પ્રથમ થર્ડ પાર્ટી સર્ટિફિકેશન. જેમાં દ્ધ (નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનિક પ્રોડકશન) સિસ્ટમ છઁઈઢઇ એટલે કે, કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી કે, જે વાણિજ્ય મંત્રાલય દ્વારા સંચાલિત થાય છે સાથે તે મુખ્યત્વે નિકાસ હેતુઓ માટે ઓર્ગેનિક પેદાશો ઉપર કેન્દ્રિત છે.

બીજી પી.જી.એસ-ઈન્ડિયા સર્ટિફિકેશન સિસ્ટમ એટલે કે, પાર્ટિસિપેશન ગેરંટી સિસ્ટમ ફોર ઈન્ડિયા એ એક જૂથ આધારિત ઓર્ગેનિક સર્ટિફિકેશન સિસ્ટમ છે. જેમાં ખેડૂતોની ભાગીદારી સમાવિષ્ટ છે. તેનો ઉપયોગ મુખ્યત્વે સ્થાનિક ઉત્પાદનો માટે થાય છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૧માં આ સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી. આ ઉત્પાદનો માત્ર સ્થાનિક બજારમાં જ વેચી શકાય છે. સાથે પી.જી.એસ-ઈન્ડિયા પાક ઉત્પાદન, પશુ ઉત્પાદન, વેલ્યુ એડિશન, સંગ્રહ માટેના ધોરણોને પણ આવરી લે છે.

ત્રીજી સ્વ-પ્રમાણીકરણ. જે ભારતમાં હિમાચલ પ્રદેશ જેવા કેટલાક રાજ્યોએ પ્રાકૃતિક ઉત્પાદનો માટે નવીન સ્વ-પ્રમાણિત પદ્ધતિ વિકસાવી છે. આ પ્રણાલી ખેડૂતોને નિર્ધારિત પરિમાણો અને માર્ગદર્શિકાઓના આધારે તેમની ખેતપદ્ધતિઓનું મૂલ્યાંકન અને પ્રમાણિત કરવા સક્ષમ બનાવે છે.

આ ત્રણ પ્રકારની સર્ટિફિકેશન સિસ્ટમમાં પીજીએસ-ઈન્ડિયા સર્ટિફિકેશન સિસ્ટમ અથવા પ્રમાણપત્ર પ્રક્રિયા અન્ય કરતા વધુ સરળ અને ઓછી ખર્ચાળ છે. મહત્વનું એ છે કે, NPOP (નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનિક પ્રોડકશન) સર્ટિફિકેશન સિસ્ટમ થકી પ્રમાણિત પ્રાકૃતિક ખેત ઉત્પાદનોનું સ્થાનિક બજારની સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં પણ વેચાણ કરી શકાય છે. જ્યારે ભારતમાં નાના ખેડૂતો અને સ્થાનિક બજારો માટે પીજીએસ-ઈન્ડિયા સર્ટિફિકેશન સિસ્ટમ વધુ સુલભ અને સસ્તી છે.

રાજ્યમાં અનેક ખેડૂતોએ પરંપરાગત ખેતી છોડીને સમયની માંગ મુજબ ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવી છે. પ્રાકૃતિક કૃષિ ભવિષ્યમાં જમીનની તંદુરસ્તી-ફળદ્રુપતા જાળવવા માટે અને એક પ્રકારે લોકોને વિવિધ પ્રકારના રોગોથી બચવા માટે પણ એક મજબૂત વિકલ્પ બનીને ઉભરશે.

# કોડીનાર માર્કેટિંગ યાર્ડ ખાતે સહકારથી સમૃદ્ધિ સમીક્ષા બેઠક યોજાઈ

## સહકારી બેંકો સહકારી સંસ્થા તેમજ વેપારીઓ સાથે સંવાદ યોજાયો

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા. ૧




કોડીનાર માર્કેટિંગ યાર્ડના સભાખંડમાં પાયાના સ્તરે સહકારી ચળવળને મજબુત બનાવવા અને તમામ સહકારી સંસ્થાઓ તેમજ સભાસદોના બેંક ખાતા મધ્યસ્થ સહકારી બેંકમાં ખોલાવવા બાબતને લઈ સહકારથી સમૃદ્ધિ સમીક્ષા બેઠક યોજાઈ.

માર્કેટિંગ યાર્ડ ચેરમેન સુભાષભાઈ ડોડીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ બેઠકમાં તમામ સહકારી સંસ્થાઓ તથા તેમના સભાસદોના નાણાકીય વ્યવહારો સહકારથી સમૃધ્ધિના વિચારને ચરિતાર્થ કરવાના હેતુને સિદ્ધ કરવા સહકાર સાથે જોડાયેલી સંસ્થાઓ તેમજ સભાસદોનાં ખાતા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં ખોલવાની પહેલ કરેલ તેમજ તે ખાતામાં તમામ નાણાકીય વ્યવહાર થાય તે હેતું અગત્યની સમિક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્યના સહકાર મંત્રી તેમજ ઉચ્ચ અધિકારીઓ દ્વારા જિલ્લા કક્ષાએ ભારત સરકાર દ્વારા પ્રેરીત વિવિધ પહેલો મુજબ જિલ્લા કક્ષાએ થયેલ કામગીરી સમિક્ષાની બેઠકોના આયોજનો થઈ રહ્યા છે. જેમા સંદર્ભે કોડીનાર માર્કેટ યાર્ડ ખાતે મળેલ બેઠકમાં સહકારી મંડળીઓ માટે સુચવેલ '૧૭' ઈન્સેટીવ અમલમાં લાવવા માટે તેમજ તમામ સહકારી સંસ્થાઓના નાણાકિય વ્યવહારો જિલ્લા મધ્યસ્થ બેંકમાં થાય તે માટે બાકી તમામ સહકારી મંડળીઓ તેમજ સભાસદો સહિતના બેંક ખાતા દિન-૧૫ માં જિલ્લા મધ્યસ્થ બેંકમાં ખોલવાની કામગીરી પૂર્ણ કરવાની ગીર સોમનાથ જીલ્લાની તમામ સેવા મંડળીઓ, દૂધ મંડળીઓ, બજાર સમિતિઓ, તાલુકા ખરીદ વેચાણ સંઘો, ક્રેડીટ મંડળીઓ, મત્સ્યઉદ્યોગ મંડળીઓ, હાઉસિંગ મંડળીઓ તેમજ તે સિવાયની અન્ય તમામ પ્રકારની મંડળીઓ, સભાસદોનાં ખાતા ખોલાવવા અંગે આગામી દિવસોમાં તાલુકાઓની તમામ પ્રકારની સંસ્થાઓનાં હોદેદારો, કર્મચારીઓએ હાજર રેહવા વિનંતી સાથે સાથે તમામ સહકારી સંસ્થાઓ સાથે સંપર્ક સાધી ખાતા ખોલવાના આયોજન સાથે લાગુ પડતી બેંકને હાજર રહેવા જણાવવામાં આવ્યું હતું.

આ બેઠકમાં કોડીનાર માર્કેટિંગ યાર્ડ ચેરમેન સુભાષભાઈ ડોડીયા, કોડીનાર કો-ઓપરેટીવ બેન્કીંગ યુનિયન ચેરમેન પી.એસ ડોડીયા, બોર્ડ ઓફ ડિરેકટર તેમજ અધિકારીઓ તાલુકા ખરીદ વેચાણ સંઘ પ્રમુખ દિલીપભાઈ મોરી, જિલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓના પ્રતિનિધિઓ, જૂનાગઢ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના પ્રતિનિધિઓ, કોડીનાર તાલુકા એ.પી.એમ.સી.ના સહકારી વિભાગના પદાધિકારીઓ, અધિકારીઓ, કોડીનાર ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ હરિભાઈ વિઠલાણી સહિત તમામ મંડળીઓના પ્રમુખ સહકારી આગેવાનો કોડીનાર માર્કેટિંગ યાર્ડના વેપારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ અંધ કન્યા છાત્રાલય ખાતે અગરબતી પેકીંગ વર્કશોપ યોજાયો





જૂનાગઢ, તા.૧

પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ સત્યમ સેવા યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે અંધ કન્યા છાત્રાલય જૂનાગઢ ખાતે 'અગરબત્તી પેકિંગ વર્કશોપ' તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં મજ્ઞત અગરબત્તીના નિષ્ણાંત કેશોદના પ્રજ્ઞાચક્ષુ સીડા અંજુમભાઈ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજાએ જણાવ્યું હતું કેચ, ભલે કુદરતે એને આંખ નથી આપી પરંતુ તેના આંગળીના ટેરવે આંખો આપી આ પ્રજ્ઞાચક્ષુ બહેનો પણ પોતે જાતે સ્પર્શક્તિથી કાર્ય કરી પગભર થઈ પોતાનું જીવન ગુજરાન ચલાવી શકે તે હેતુસર આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી મુકેશગિરી એસ.મેઘનાથીએ જણાવ્યું હતું કે, પ્રજ્ઞાચક્ષુ બહેનો પણ આ અગરબત્તીના બિઝનેસમાં જોડાઈ અને પગભર થાય તે હેતુસર અંધ કન્યા છાત્રાલયના હોલમાં અગરબત્તી પેકિંગ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની સાથે સાથે પગલુછણીયા, મીણબત્તી જેવો હુન્નર ઉદ્યોગ પણ કઈ રીતે દિવ્યાંગ બહેનો કરી શકે તેની જાણકારી પણ આપવામાં આવી હતી. આ તાલીમ વર્ગમાં સંસ્થાના ટ્રસ્ટી દાતાર સેવક બટુકબાપુ, શાંતાબેન બેસ, વજુભાઈ ધકાણ, નિર્મળાબેન ધકાણ, પ્રવીણભાઈ જોષી, ચંપકભાઈ જેઠવા, જયશ્રીબેન પરસાણા, સંકેતભાઈ પરમાર, ઓરા ઉર્વશીબેન વોરા, મનોજભાઈ સાવલિયા વગેરે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ભેંસાણ સરકારી કોલેજમાં સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા એફવાયબીએના વિદ્યાર્થીઓનો આવકાર સમારંભ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

ભેંસાણ, તા.૧



સરકારી વિનયન કોલેજ ભેંસાણના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા તા.૩૧-૭-૨૦૨૪ બુધવારના રોજ એફ.વાય.બીએ સેમ-૧ના વિદ્યાર્થીઓનો આવકાર સમારંભ યોજાયો. આ સમારંભના કોઓર્ડીનેટર સમાજશાસ્ત્રના વિભાગીય અધ્યક્ષ આ.પ્રો.ડો.પંકજ એમ.સોંદરવા કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓને પી.પી.ટીના માધ્યમથી સમાજશાસ્ત્ર વિભાગની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ સરકારની નવિ શિક્ષણ નીતિ મુજબ અભ્યાસ ક્રમ વિશે વિદ્યાર્થીઓને પરિચિત કરવ્યા હતા. નવી શિક્ષણ નીતિના ભાગરૂપે સમાજશાસ્ત્ર વિભાગની પ્રવૃત્તિઓ માટે વોટસેપ ગ્રુપનું લોચીંગ કરવામાં આવ્યું હતું. આ તકે કોલેજના આચાર્ય ડો.ભરતકુમાર બાંભણીયા દ્વારા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રેરણારૂપ વક્તવ્ય આપવામા આવ્યું . આ કાર્યક્રમમાં ગ્રંથપાલ નીતિન જે.ગજેરા અને અંગ્રેજી વિષયના વિભાગીય અધ્યક્ષ ડો.પી.જી ગુરનાણી વિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. અંતમાં ટીવાયબીએના વિદ્યાર્થી હોથી સેઝાદ દ્વારા સમાજશાસ્ત્ર વિશે વિશેષ પરિચય આપવામા આવ્યો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સમાજશાસ્ત્ર વિભાગના આ.સી.પ્રૌ.ડો.સચિન જે. પીઠડીયા દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં કોલેજના એફ.વાય, એસ.વાય અને ટી.વાય સમાજશાસ્ત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ બોહળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ બહાઉદીન કોલેજ ખાતે વેઈટ લિફ્ટિંગ તથા પાવર લિફ્ટિંગ સ્પર્ધા યોજાઈ




જૂનાગઢ, તા.૧

બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ,જૂનાગઢ ખાતે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા તા.૩૦-૭-૨૦૨૪ને મંગળવાર તથા ૩૧-૭-૨૦૨૪ને બુધવાર એમ કુલ બે દિવસ ભાઈઓ તથા બહેનોની આંતર કોલેજ વેઈટ લિફ્ટિંગ તથા પાવર લિફ્ટિંગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ચાર જિલ્લાની વિવિધ કોલેજોનાં વિદ્યાર્થીઓ સામેલ થયા હતાં. વેઈટ લિફ્ટિંગ અંતર્ગત કુલ ૧૨ કોલેજોનનાં ૩૨ જેટલાં સ્પર્ધકો એ ભાગ લિધો હતો તથા પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં કુલ ૧૪ કોલેજોનાં કુલ ૩૯ જેટલાં સ્પર્ધકોએ ભાગ લિધો હતો. આ કાર્યક્રમનાં મુખ્ય અતિથી તરીકે દિનેશભાઈ નાઘેરા-કાર્યપાલક ઈજનેર જુનાગઢ- ઉદ્ઘાટન સમારોહમાં જોડાયા હતાં. આ ઉપરાંત યુનિવર્સીટીનાં ઓબ્સર્વર તરીકે ગોવિંદભાઈ વણેચા પણ અતિથી વિશેષ તરીકે જોડાયા હતાં. આ તકે કોલેજનાં આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોધન આપવામાં આવ્યું હતું તથા રમત-ગમત દ્વારા જીવન ઘડતરનો સોનેરી સંદેશ આપવામાં આવ્યો હતો તેમજ કહ્યું હતું કે આવા કાર્યક્રમોનાં આયોજનથી કોલેજનાં વિદ્યાર્થીઓને નેશનલ લેવલ સુધી પોતાની પ્રતિભા પ્રદર્શન માટે એક મંચ મળશે જે ખૂબ જ ગર્વ અને સંતોષની વાત છે. અંતે આચાર્ય દ્વારા આ સફળ કાર્યક્રમનાં આયોજન બદલ આ સમગ્ર કાર્યક્રમનાં કોર્ડીનેટર એમ.આર. કુરૈશીને અભિનંદન પાઠવ્યા હતા.




અલ્યા, હવે તો રાજકારણમાં રસ લેવાનું શરૂ કર ! નહીંતર મારી પેઢી કોણ




મે તો શ્રાવણીયો જુગાર રમવા માટે રૂપિયાની બચત કરી લીધી છે !

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# આર્થિક અનુશાસનનું બજેટ

પોતાના ત્રીજા કાર્યકાળના પહેલા બજેટમાં પણ મોદી સરકારે આર્થિક અનુશાસને રસ્તે ચાલવાની પોતાની પરંપરા યથાવત રાખી. અસ્થિર અને ઉથલપાથલથી ભરેલા વૈશ્વિક અને ઘરેલુ માહોલમાં નાણાં મંત્રી નિર્મલા સીતારમને બજેટના માધ્યમથી સંતુલન સાધવાનો પ્રયાસ કર્યો. કોઈ મોટી રેવડીનું એલાન નહિ કરતાં તેમણે જરૂરી ક્ષેત્રો માટે સરકારી ખજાનાનું મોં ખોલવામાં સંકોચ ન રાખ્યો. સ્વસ્થ કર સંગ્રહ સાથે જ ભારતીય રિઝર્વ બેંકથી સરકારને જે વધારાનો લાભાંશ પ્રાપ્ત થયો, તેનો ઉપયોગ પણ વિવેકસંમત રીતે કરવામાં આવ્યો. સરકારે જ્યાં તેનો કેટલોક હિસ્સો રાજકોષીય ખાધ ઘટાડવામાં કર્યો, તો બાકીની રકમને ત્યાં ખર્ચ કરી જ્યાં તેની સૌથી વધુ જરૂરીયાત હતી. જેમ કે સરકારે ગ્રામીણ અર્થવ્યવસ્થાને સહારો આપવા, કૌશલ વિકાસ અને રોજગાર સર્જન, એમએમએમઈ સહિત સમગ્ર મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન, શહેરી આવાસની સમસ્યાના સમાધાન અને મોંઘવારીને કાબૂ કરવા સાથે જોડાયેલા ઉપાય શોધવામાં પોતાનાં સંસાધન લગાવ્યાં. જોવામાં આ ભલે મોટા ખર્ચ લાગે, પરંતુ તેની પ્રકૃતિ બહુ ઉત્પાદક પ્રકારની હોયછે. જેમ કે કૌશલ વિકાસથી લોકો માટે રોજગારના અવસર વધે છે તો ઉદ્યોગોને પોતાની જરૂરિયાતો અનુરૂપ કર્મીઓનો પૂરવઠો મળે છે. આ જ પ્રકારે, શહેરી આવાસના નિર્માણની યોજનાને જોઈએ તો જ્યાં તેના નિર્માણથી મોટા પાયે રોજગાર સર્જનની સંભાવના બનશે, ત્યાં જ એવી પરિસંપત્તિઓનું પણ સર્જન થશે જે દીર્ઘકાલમાં ઉદ્યોગોથી માંડીને કામદારોની આવાસીય જરૂરિયાતોની પૂર્તિમાં સહાયક બનશે. આ જ પ્રકારની ગતિવિધિઓથી આર્થિક ગતિવિધિઓમાં લોકોની ભાગીદારી વધે છે, જેનાથી અંતે અર્થવ્યવસ્થાને ગતિ મળે છે.

વિભિન્ન વિભાગોમાં પોતાનો ખર્ચ વધારવા છતાં જો સરકાર રાજકોષીય ખાધને જીડીપીના ૪.૯ ટકા સુધી લાવવામાં સફળ રહી તો તે બહુ પ્રશંસનીય કહી શકાય. તે વચગાળાના બજેટમાં નુક્સાનના ૫.૧ ટકા અનુમાનથી પણ બહેતર પ્રદર્શન છે. નાણાં મંત્રીએ આગામી નાણાંકીય વર્ષમાં ન માત્ર નુક્સાનના દાયરાને ઓર ઘટાડીને ૪.૫ ટકા પર લાવવાનું એલાન કર્યું, બલ્કે એમ પણ કહ્યું કે સરકાર ચરણબદ્ધ રૂપે પોતાની ઉધારીનો દાયરો ઘટાડશે. અસલમાં સરકારની રાજકોષીય ખાધ વધવાનો અર્થ બાહ્ય ઉધારી પર તેની નિર્ભરતા વધવાનો છે. તેનાથી જ્યાં વ્યાજ ચૂકવણી પર સરકારી રાજસ્વનો એક મોટો હિસ્સો ખર્ચ થઈ જાય છે, ત્યાં જ આર્થિક ગતિવિધિઓ માટે નાણાંકીય તંત્રમાં સંસાધનોની ઉણપ સર્જાય છે. રાજકોષીય ખાધનું બેલગામ થવું કેટલાય મોરચે ચિંતાનું કારણ બને છે. આ જ કારણ છે કે તેને કાબૂમાં કરવી સરકારની પ્રાથમિકતાઓમાં સામેલ હોયછે અને મોદી સરકાર આ મોરચે ખરી ઉતરતી આવી રહી છે.

ઉત્પાદક ખર્ચોમાં કોઈ કંજૂસી ન કરતાં સરકારે મૂડીગત ખર્ચને વધારવાનો સિલસિલો યથાવત રાખ્યો છે. દેશમાં છેલ્લા કેટલાક સમયથી બુનિયાદી માળખાના વિકાસે તેજ રફ્તાર પકડી છે. કેન્દ્ર સરકાર આ મોરચે રાજ્ય સરકારોથી લઈને ખાનગી ક્ષેત્રને પણ સાધીને સમન્વિત પ્રયાસો પર ભાર મૂકી રહી છે. જોકે બુનિયાદી માળખાનો પ્રભાવ કેટલાય સ્તરો પર જોવા મળે છે, તેથી એના પર ભાર મૂકવો જરૂરી જ નહીં, અનિવાર્ય થઈ જાય છે. બુનિયાદી માળખાના વિકાસથી ખાનગી ક્ષેત્ર માટે પણ અનુકૂળ કારોબારી પરિવેશ તૈયાર થાયછે. બજેટમાં ખાનગી ક્ષેત્રને વધુ સહારો આપવા માટે સરકારે કેટલીય વસ્તુઓ પર ડ્યુટી ઘટાડી છે. તેનાથી દેશમાં મોબાઈલ ફોનથી લઈને ચાર્જરનું નિર્માણ સસ્તું થશે. મૂલ્યવાન ધાતુઓ સહિત કેટલીય અન્ય વસ્તુઓ પર ડ્યૂટી ઘટવાથી તેમના ભાવ પણ કાબૂમાં આવશે, જે હાલની પરિસ્થિતિઓમાં બહુ જરૂરી થઈ ગયું હતું. મેન્યુફેક્ચરિંગના મોરચે લેબર ઈન્ટેન્સિવ એમએસએમઈ માટે ક્રેડિટ ગેરંટી યોજના અને મુદ્રા લોનનો દાયરો વધારવો પણ પ્રશંસનીય પગલું છે. કૌશલ વિકાસ અને ઈન્ટર્નશિપ સાથે જોડાયેલ પહેલ ન માત્ર રોજગાર સર્જનનો વિસ્તાર કરશે, બલ્કે ઉદ્યમોને પણ સહારો આપશે. વધારાના કર્મીઓની ભરતી પર સરકારનું ૩૦૦૦ રૂપિયાનું પ્રોત્સાહન પણ નવી નોકરીઓને ઉત્તેજન આપવામાં પ્રભાવિત સાબિત થઈ શકે છે.

### નીતિન ગડકરીએ નાણાં મંત્રીને કરી રજૂઆત

# લાઈફ-હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રિમીયમ પરથી GST દૂર કરવાની માગણી

## જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર ૧૮ ટકા GST દૂર કરવા નીતિન ગડકરીએ કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખીને વિનંતી કરી

નવી દિલ્હી, તા.૧

બીજેપી નેતા અને કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખીને વિનંતી કરી છે. તેમણે નાણામંત્રી પાસે જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર ૧૮ ટકા GST દૂર કરવાની માંગ કરી છે. સીતારમણને લખેલા પત્રમાં ગડકરીએ કહ્યું કે, નાગપુર ડિવિઝન લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન એમ્પ્લોઈઝ યુનિયને તેમને આ મુદ્દાઓ પર મેમોરેન્ડમ સુપરત કર્યું છે. તેમણે એમ પણ કહ્યું કે જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર ૧૮ ટકા GST લાગુ કરવોએ જીવનની અનિશ્ચિતતાઓ પર કર લાદવા જેવું છે.

નીતિન ગડકરીએ તેમના પત્રમાં જણાવ્યું હતું કે યુનિયન માને છે કે, લોકો આ જોખમ સામે કવર ખરીદી શકે તે માટે વીમા પ્રિમીયમ પર ટેક્સ લાદવો જોઈએ નહીં. તેમણે કહ્યું કે, એ જ રીતે મેડિકલ ઈન્શ્યોરન્સ પ્રીમિયમ પર ૧૮ ટકા GST વ્યવસાયના આ ક્ષેત્રના વિકાસમાં અવરોધરૂપ સાબિત થઈ રહ્યો છે જે સામાજિક રીતે જરૂરી છે. નીતિન ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે, યુનિયને જીવન વીમા દ્વારા બચત માટે સારવાર, તબીબી વીમા પ્રીમિયમ માટે IT કપાતની પુનઃ રજૂઆત તેમજ જાહેર ક્ષેત્રની સામાન્ય વીમા કંપનીઓના એકીકરણનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

આ સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે, જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર GST ચૂકવવો એ વરિષ્ઠ નાગરિકો માટે એક પડકાર છે. ગડકરીએ તેમના પત્રમાં જણાવ્યું હતું કે, તમને જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર GST પાછી ખેંચવાના સૂચનને પ્રાથમિકતાના આધારે ધ્યાનમાં લેવા વિનંતી કરવામાં આવે છે કારણ કે તે અન્ય સંબંધિત મુદ્દાઓ સાથે નિયમો અનુસાર વરિષ્ઠ નાગરિકો માટે બોજારૂપ બને છે. યોગ્ય ચકાસણી પણ થવી જોઈએ.

આ પહેલીવાર નથી જ્યારે નિર્મલા સીતારમણને આરોગ્ય વીમા પ્રીમિયમ પર લાદવામાં આવેલા GST પર પુનર્વિચાર કરવા વિનંતી કરવામાં આવી હોય. આ વર્ષે જૂનમાં કન્ફેડરેશન ઑફ જનરલ ઈન્શ્યોરન્સ એજન્ટ્સ એસોસિએશન્સ ઑફ ઈન્ડિયાએ સરકારને વ્યક્તિગત મેડિકલ પોલિસી પર GST ૧૮ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવાની અપીલ કરી હતી. નોન-લાઈફ ઈન્સ્યોરન્સ એજન્ટોના સંગઠને જણાવ્યું હતું કે, આ લોકોને સામાજિક સુરક્ષાના માપદંડ તરીકે આ પોલિસી ખરીદવા માટે પ્રોત્સાહિત કરવામાં મદદ કરશે. સંસ્થાએ એમ પણ જણાવ્યું હતું કે, છેલ્લા ૫ વર્ષમાં આરોગ્ય વીમા પ્રિમિયમ લગભગ બમણું થઈ ગયું છે.

એસોસિએશને સીતારમણને લખેલા તેના પત્રમાં કહ્યું હતું કે, પ્રીમિયમ દરોમાં સતત વધારો અને મેડિકલ ફુગાવાના કારણે પોલિસી રિન્યુઅલ રેટ ઘટી રહ્યા છે. એસોસિએશને સીતારમણને લખેલા તેના પત્રમાં જણાવ્યું હતું કે, રિટેલ હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસીના નવીકરણની સરેરાશ ટકાવારી ૬૫ થી ૭૫ ટકા છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે મોટાભાગના પોલિસીધારકો વીમા પ્રીમિયમમાં સતત વધારાને કારણે પ્રીમિયમ ચૂકવવામાં અસમર્થ છે અને GST ના ખૂબ ઊંચા દરો માટે સક્ષમ નથી.

### કેટલીક હોસ્પિટલો સામે સ્કીમના ઉલ્લંઘનને લગતા કેસ

# નકલી આયુષ્માન કાર્ડ બનાવવાના કેસમાં હિમાચલમાં ED ના દરોડા

## કોંગ્રેસના ધારાસભ્ય આરએસ બાલી અને દેહરાના કોંગ્રેસી નેતા ડો.રાજેશ શર્માની હોસ્પિટલ પર દરોડા

શિમલા, તા. ૧

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) કાંગડા, ઉના, શિમલા, મંડી, કુલ્લુ સહિત દિલ્હી, ચંદીગઢ, પંજાબ, હિમાચલ પ્રદેશમાં ઘણી જગ્યાએ દરોડા પાડી રહી છે. આ દરોડા નકલી આયુષ્માન ભારત AB-PMJAY આઈડી કાર્ડ બનાવવા અને બાંકે બિહારી હોસ્પિટલ, ફોર્ટિસ હોસ્પિટલ સહિત કેટલીક હોસ્પિટલો સામે સ્કીમના ઉલ્લંઘનને લગતા કેસમાં પાડવામાં આવી રહ્યા છે.

આવા નકલી કાર્ડ પર અનેક મેડિકલ બિલ બનાવવામાં આવ્યા છે, જેનાથી સરકારી તિજોરી અને જનતાને નુકસાન થઈ રહ્યું છે. હિમાચલ પ્રદેશના નગરોટાના કોંગ્રેસના ધારાસભ્ય આર.એસ. બાલી, હિમાચલ પ્રદેશ પ્રવાસન વિકાસ નિગમના અધ્યક્ષ અને હિમાચલ પ્રદેશ પ્રવાસન વિકાસ બોર્ડના ઉપાધ્યક્ષ અને કાંગડાની શ્રી બાલાજી હોસ્પિટલના ડૉ. રાજેશ શર્માના નામ પણ છેતરપિંડીમાં પ્રકાશમાં આવ્યા છે અને તેમની જગ્યાઓ પર પણ ઈડી તપાસ કરી રહી છે.

આયુષ્માન ભારત યોજના સાથે જોડાયેલા કૌભાંડમાં હિમાચલ પ્રદેશના ઉનામાં વિજિલન્સનો કેસ નોંધ્યો હતો, ત્યાર બાદ આ કેસ ઈડી એ તેના હાથમાં લીધો હતો. ઉના અને કાંગડા ઉપરાંત ઈડીની ટીમે શિમલા અને મંડીમાં પણ કાર્યવાહી કરી છે અને બાંકે બિહારી હોસ્પિટલ, ફોર્ટિસ હોસ્પિટલ સહિત અન્ય ખાનગી સંસ્થાઓની તપાસ કરવામાં આવી રહી છે. ઉનામાં વહેલી સવારે EDએ બે જગ્યાએ દરોડા પાડ્યા છે, ટીમ ખાનગી હોસ્પિટલની સાથે હોસ્પિટલના સંચાલકના ઘરે પણ પહોંચી છે. પંજાબના નાંગલમાં કર્મચારીના ઘરે પણ દરોડા પાડ્યા, આ તમામને આયુષ્માન ભારત યોજનાના નકલી કાર્ડ બનાવીને છેડછાડના આરોપોમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આયુષ્માન ભારત યોજનામાં ગોટાળાના આરોપોને લઈને બુધવારે સવારે ઉના જિલ્લા મુખ્યાલયની એક ખાનગી હોસ્પિટલમાં દરોડા પાડ્યા હતા. જો કે, આ દરોડો માત્ર હોસ્પિટલ પરિસરમાં જ નહીં પરંતુ મહેતપુર-બસદેહરામાં હોસ્પિટલ સંચાલકના ઘરે અને પંજાબના નાંગલમાં હોસ્પિટલના એક કર્મચારીના ઘરે પણ પાડવામાં આવ્યો હતો.

બુધવારે સવારે, ડિરેક્ટોરેટ ઑફ એન્ફોર્સમેન્ટ ટીમોએ ત્રણેય સ્થળોએ એક સાથે કાર્યવાહી શરૂ કરી છે. આ મામલો આયુષ્માન ભારત યોજનાની હેરાફેરી સાથે સંબંધિત હોવાનું કહેવાય છે, જેના કારણે ૨૩ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ, હિમાચલ પ્રદેશ રાજ્ય તકેદારી અને ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો દ્વારા આ હોસ્પિટલ મેનેજમેન્ટ સામે છેતરપિંડીના આરોપમાં એફઆઈઆર નોંધવામાં આવી હતી. બીજી તરફ EDના દરોડાના સમાચાર ફેલાતા જ સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે. ખાસ કરીને આરોગ્ય ક્ષેત્રની સંસ્થાઓમાં લોકો આ દરોડાની માહિતી મેળવવા સતત પ્રયાસ કરતા જોવા મળ્યા હતા. જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા શેર કરવામાં આવેલી માહિતી અનુસાર આ કેસમાં દિલ્હી, ચંદીગઢ સહિત હિમાચલ પ્રદેશના કાંગડા, ઉના, શિમલા, મંડી અને કલ્લુમાં ૧૯ સ્થળોએ એક સાથે દરોડા પાડવામાં આવ્યા છે.

### દિલ્હીના કોચિંગ સેન્ટરની દુર્ઘટનાનો મામલો

# સંસ્થાએ સુરક્ષા તેમજ બચાવ માટે કોઈપણ વ્યવસ્થા કરી નહોતી

## દુર્ઘટના મામલે મુખ્ય સચિવના રિપોર્ટ મુજબ આ સંસ્થાએ જ આખી ડ્રેનેજ સિસ્ટમને બ્લોક કરી દીધી હતી

નવી દિલ્હી, તા.૧

દિલ્હીમાં કોચિંગ સેન્ટરની દુર્ઘટના મામલે મુખ્ય સચિવને તપાસ રિપોર્ટ સોંપવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં ચોંકાવનારી વાત સામે આવી છે. રાવ કોચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં ત્રણ વિદ્યાર્થીઓના મોત થવા મામલે ચોંકાવનારો ખુલાસો થયો છે. મુખ્ય સચિવના રિપોર્ટ મુજબ આ સંસ્થાએ જ આખી ડ્રેનેજ સિસ્ટમને બ્લોક કરી દીધી હતી. આ ઉપરાંત સંસ્થાએ સુરક્ષા તેમજ બચાવ માટે કોઈપણ વ્યવસ્થા કરી નહોતી. વધુમાં રિપોર્ટમાં એ વાત બહાર આવી છે કે બિલ્ડિંગની બહાર દબાણો અને પાર્કિંગમાંથી રસ્તા પર જવાના ગેરકાયદે રસ્તાના કારણે વરસાદનું પાણી ગટરમાં જઈ શક્યું જ નહોતું.

દિલ્હી સરકારને સોંપાયેલા રિપોર્ટ મુજબ, કોચિંગ સંસ્થાએ ગટરને ઉપરથી બંધ કરી દીધી હતી. સંસ્થાના પાર્કિંગ સ્થળની જગ્યા સીધા જ રસ્તા તરફ જાય છે, જેના કારણે ભારે વરસાદ વખતે રસ્તા પર આવતું પાણી ગટરમાં જવાના બદલે સીધું પાર્કિંગ સ્થળમાં ભરાય છે.

અહીં સુરક્ષા સ્ટાફની પણ વ્યવસ્થા નથી. જો સ્ટાફ હોત તો ઘટના સમયે સાવધાની રાખી શકાઈ હોત અને વિદ્યાર્થીઓનો જીવ બચી શક્યો હતો. રિપોર્ટમાં દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD)ને પણ સાણસામાં લઈ જણાવાયું છે કે, બિલ્ડિંગની બહાર દબાણો અને પાર્કિંગમાંથી રસ્તા પર જવાના ગેરકાયદે રસ્તાના કારણે વરસાદનું પાણી ગટરમાં જઈ શક્યું નથી.

સિવિલ સર્વિસની તૈયારી કરનરા વિદ્યાર્થિની અને વિદ્યાર્થીઓએ દાવો કર્યો છે કે, ઓલ્ડ રાજેન્દ્ર નગર અને આજુબાજુના વિસ્તારોમાં આવેલી લાઈબ્રેરીમાં ફી બમણી કરવામાં આવી છે. પહેલા મહિને બે હજાર રૂપિયા ફી લેવાતી હતી અને હવે ચારથી પાંચ હજાર રૂપિયા ફી માંગી રહ્યા છે.

રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે (NHRC) રાવ કોચિંગ સેન્ટરના કેસમાં દિલ્હી સરકાર, પોલીસ તેમજ કોર્પોરેશનના કમિશનર નોટિસ પાઠવી છે, જેમાં આયોગે ત્રણ સપ્તાહમાં રિપોર્ટ સોંપવા આદેશ કર્યો છે. આ ઉપરાંત સંસ્થાઓ વિરુદ્ધની પેન્ડીંગ ફરિયાદો અને સંબંધિત વિભાગો દ્વારા કરાયેલી કાર્યવાહીની પણ વિગતો મંગાઈ છે. આ કેસની ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરતી PILની સુનાવણી બુધવારે દિલ્હી હાઈકોર્ટમાં કાર્યકારી ચીફ જસ્ટિસ જસ્ટિસ મનમોહન અને જસ્ટિસ તુષાર રાવ ગેડેલાની બેંચ દ્વારા કરાશે. કુટુમ્બ નામની સંસ્થાએ આ પીઆઈએલ દાખલ કરી છે. અરજીમાં દિલ્હી સરકાર, દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન અને દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટીને પક્ષકાર બનાવાયા છે.

# યુપી વિધાસનભામાં ઘૂસ્યું વરસાદનું પાણી, યોગીએ બીજા ગેટથી જવું પડ્યું

લખનઉ, તા.૧

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં મૂશળધાર વરસાદ થયો છે. વરસાદના કારણે માત્ર રસ્તાઓ પર જ નહીં, પરંતુ વિધાનસભા પરિસરમાં પણ પાણી ઘુસી ગયા છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વિધાનસભા પરિસરમાં પાણી ભરાતા મુખ્યમંત્રીને બીજા ગેટથી બહાર કાઢવામાં આવ્યા હતા. વિધાનસભા ગેટ નંબર સાત પર પાણી ભરાઈ ગયા હતા. તેમજ સચિવાલયના રૂમોમાં પણ પાણી ઘુસી ગયા હોવાના અહેવાલો મળ્યા છે. લખનઉ સીએમ આવાસની સામે પણ પાણી ભરાઈ ગયા હતા.

લખનઉ શહેરના અન્ય ઓફિસમાં પણ વરસાદના પાણી ભરાયા છે, જેમાં લખનઉ નગર નિગમની ઓફિસ પણ સામેલ છે. પાણી ભરાયા બાદ સપાના વરિષ્ઠ નેતા શિવપાલ સિંહ યાદવે યોગી સરકાર પર આક્ષેપો કર્યા હતા. તેમણે ઠ પર પોસ્ટ કરી હતી કે, બજેટની સૌથી વધુ આવશ્યકતા ઉત્તરપ્રદેશ વિધાનસભાને છે, મૂશળધાર વરસાદમાં આ સ્થિતિના કારણે રાજ્ય હવે ભગવાન ભરોસે છે...

વરસાદના કારણે ઠેર-ઠેર પાણી ભરાતા નિઝામાબાદ આઝમગઢના સપા ધારાસભ્ય આલમ બદીને સ્કૂટરથી ઘરે જવુ પડ્યું હતું. હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી વીજળીના ગડગડાટ સાથે ભારે વરસાદની આગાહી કરી છે. લખનઉના નાગરિકોને કામ સિવાય ઘરની બહાર ન નીકળવા માટે એલર્ટ કર્યા છે. તેમજ અસુરક્ષિત મકાનો, બિલ્ડિંગ કે વૃક્ષથી દૂર રહેવા સલાહ પણ આપી છે.

યુપી વિધાનસભા સેશનમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નું પ્રથમ પૂરક બજેટ રજૂ કરવામાં આવ્યું છે. જેની સાઈઝ રૂ. ૧૨૯૦૯ કરોડ છે.

તદુપરાંત પેપર લીક અને લવ જિહાદ પર સરકારે કડક વલણ અપનાવી નવા કાયદાઓ પણ રજૂ કર્યા છે, જેને મંજૂરી મળી છે. વિધાનસભા સેશનના ત્રીજા દિવસે મૂશળધાર વરસાદના કારણે મુશ્કેલીઓ વધી હતી. વરસાદના પાણી વિધાનસભાના ગ્રાઉન્ડ ફ્લોર પર ફરી વળ્યા હતા.

### ગૃહ મંત્રી અમિત શાહે સંસદમાં કહ્યું

# કેન્દ્ર સરકારે કેરળ સરકારને ભૂસ્ખલન અંગે વહેલી ચેતવણી આપી હતી

## કેન્દ્રએ ૨૩ જુલાઈએ NDRFની ૯ ટીમો કેરળ મોકલી હતી

નવી દિલ્હી, તા.૧

કેરળના વાયનાડમાં આવેલા વિનાશમાં સેંકડો લોકોએ જીવ ગુમાવ્યા છે. અનેક લોકો બેઘર બન્યા છે અને અનેક ગામો પાણીમાં ડૂબી ગયા છે. હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વાયનાડમાં ભૂસ્ખલન અંગે રાજ્યસભામાં સંબોધન કર્યું છે. અમિત શાહે કહ્યું કે, કેન્દ્ર સરકારે કેરળ સરકારને ભૂસ્ખલન અંગે વહેલી ચેતવણી આપી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજયસભામાં જણાવ્યું કે, વાયનાડ અકસ્માત અંગે મોદી સરકારે શું પગલાં લીધાં છે. ત્યારે અમિત શાહે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે ૨૩ જુલાઈએ NDRFની ૯ ટીમો કેરળ મોકલી હતી.

તેમજ વાયનાડ દુર્ઘટનાને લઈને કેરળ સરકારને ૨૩ જુલાઈએ અર્લી વોર્નિંગ સિસ્ટમ દ્વારા એલર્ટ આપવામાં આવ્યુ હતું. અમિત શાહે કહ્યું કે જો અર્લી વોર્નિંગ સિસ્ટમ ક્યાંક છે તો તે ભારતમાં છે. તેનો અંદાજ ૭ દિવસ અગાઉ આપવામાં આવે છે. માત્ર ૪ દેશો પાસે જ આ સિસ્ટમ છે, ભારત પણ તેમાં સામેલ છે.

વાયનાડ દુર્ઘટના પર અમિત શાહે રાજ્યસભામાં કહ્યું હતું કે, દેશમાં એવી ઘણી રાજય સરકારો છે જેણે અર્લી વોર્નિંગ સિસ્ટમ પર કામ કર્યુ છે અને અકસ્માતમાં કોઈનું મોત થયું નથી. ગુજરાતને ત્રણ દિવસ પહેલા એલર્ટ કરવામાં આવ્યુ હતું, ત્યાં એક પણ પશુનું મૃત્યુ થયું નથી. ઓડિશા સરકારે પણ અમારી ચેતવણીનો સ્વીકારી હતી. જેના કારણે ત્યાં એક જ વ્યક્તિનું મૃત્યુ થયું હતું, તે પણ ભૂલના કારણે. ભારતમાં, સરકારે રૂ. ૨૦૦૦ કરોડની કિંમતની અર્લી વોર્નિંગ સિસ્ટમ વિકસાવવામાં આવી છે. વિશ્વના માત્ર ચાર દેશોમાં આ સિસ્ટમ છે. અમારી પાસે વિજળી પડવાને લઈને પણ એલર્ટ છે, જેની એલર્ટ ડીએમને જાય છે. આ સમય કેરળ અને વાયનડના લોકો સાથે ઉભો રહેવાનો છે.

અમિત શાહે રાજ્યસભામાં જણાવ્યું હતું કે પિનરાઈ વિજયનની આગેવાની હેઠળની કેરળ સરકારને વાયનાડમાં ભૂસ્ખલનના એક અઠવાડિયા પહેલા કેન્દ્ર દ્વારા ચેતવણી આપવામાં આવી હતી, ભારે વરસાદની આગાહી કર્યા પછી કેન્દ્રએ નવ NDRF ટીમો કેરળમાં મોકલી હતી. કેરળ સરકારે સમયસર લોકોને બહાર કાઢ્યા ન હતા."

# સાધના સક્સેના નાયર બનશે આર્મી મેડિકલ સર્વિસના DG

નવી દિલ્હી, તા.૧

મેડિકલ સર્વિસ (સેના) ના ડાયરેક્ટર જનરલનું પદ લેફ્ટનન્ટ જનરલ સાધના સક્સેના નાયર ૧ ઓગસ્ટથી સંભાળશે. આ પ્રતિષ્ઠિત પદ પર નિમણૂક થનારા તેઓ પહેલા મહિલા હશે. આ પહેલા તેઓ એર માર્શલના પદ પર પ્રમોશન બાદ હોસ્પિટલ સેવા (સશસ્ત્ર દળ) ના ડાયરેક્ટર જનરલનું પદ સંભાળનાર પ્રથમ મહિલા હતાં.

ગયા વર્ષે જ્યારે સાધના સક્સેના નાયરે હોસ્પિટલ સેવા (સશસ્ત્ર દળ) ના ડાયરેક્ટર જનરલનું પદ સંભાળ્યું હતું, જ્યારે વાયુસેનાના અધિકારીઓએ કહ્યું હતું, 'ભારતીય વાયુસેનાના અધિકારી એર માર્શલ સાધના સક્સેના નાયર પ્રભાવી રીતે બીજા મહિલા અધિકારી છે, જેમણે સમગ્ર સેવાકાળમાં વાયુસેનામાં અલગ-અલગ પદ પર સેવાઓ આપ્યા બાદ એર માર્શલના પદ સુધી પહોંચ્યા. પદભાર ગ્રહણ કરતી વખતે વાયુસેના પ્રમુખ વી.આર.ચૌધરી પણ હાજર રહ્યાં.'

લેફ્ટનન્ટ જનરલ સાધના નાયરે પોતાના સ્કુલનું શિક્ષણ સેન્ટ મેરી કોન્વેન્ટ, પ્રયાગરાજથી શરૂ કર્યુ અને લોરેટો કોન્વેન્ટ, લખનૌથી પૂરું કર્યુ. આ દરમિયાન તેઓ તેજપુર, ગોરખપુર, કાનપુર અને ચંદીગઢના સ્કુલોમાં ગયા. તેમણે એક પ્રતિષ્ઠિત શૈક્ષણિક રેકોર્ડ્સ સાથે પૂણેના સશસ્ત્ર દળ મેડિકલ કોલેજથી સ્નાતકની ડિગ્રી મેળવી અને ડિસેમ્બર ૧૯૮૫માં આર્મી મેડિકલ કોરમાં નિમણૂક થઈ. સાધના નાયરની પાસે ફેમિલી મેડિસિનમાં અનુસ્નાતકની ડિગ્રી છે. તેમણે એઈમ્સ, નવી દિલ્હીમાં મેડિકલ ઈન્ફોર્મેટિક્સમાં બે વર્ષનો તાલીમ કાર્યક્રમ પણ પૂર્ણ કર્યો.

# નવું સંશોધન દર્શાવે છે કે, ગ્લોબલ વોર્મિંગ વરસાદની પેટર્ન ઉપર અસર કરી રહ્યું છે

મુંબઈ તા.૧

સાયન્સ જર્નલમાં પ્રકાશિત થયેલા તારણો એવા અવલોકનાત્મક પુરાવા પૂરા પાડે છે કે આબોહવા પરિવર્તન વૈશ્વિક વરસાદની પેટર્નને વધુ અસ્થિર બનાવી રહ્યું છે. માનવ પ્રેરિત વોર્મિંગને લીધે છેલ્લી સદીમાં પૃથ્વીના ૭૫% જમીન વિસ્તારમાં વરસાદની પરિવર્તનશીલતામાં વધારો કર્યો છે. ચાઈનીઝ સંશોધકો અને યુકે મેટ ઓફિસના આ તારણો, જર્નલ સાયન્સમાં પ્રકાશિત થયા હતા. તે પ્રથમ વ્યવસ્થિત અવલોકનાત્મક પુરાવા પ્રદાન કરે છે કે આબોહવા પરિવર્તન વૈશ્વિક વરસાદની પેટર્નને વધુ અસ્થિર બનાવે છે. આબોહવા મોડેલોએ આગાહી કરી હતી કે આ પરિવર્તનશીલતા આબોહવા પરિવર્તન હેઠળ વધુ ખરાબ થશે. પરંતુ આ નવા તારણો દર્શાવે છે કે છેલ્લા ૧૦૦ વર્ષોમાં વરસાદની પરિવર્તનક્ષમતા પહેલાથી જ ખરાબ થઈ ગઈ છે. આ અવલોકન રેકોર્ડના ભૂતકાળના અભ્યાસો કાં તો લાંબા ગાળાના સરેરાશ વરસાદ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે વૈશ્વિક સ્તરે અસમાન સમય અને વરસાદની માત્રાનો સંદર્ભ આપે છે. આ પરિણામો અમારા સહિત અગાઉના સંશોધન સાથે સુસંગત છે. આનો અર્થ એ છે કે શુષ્ક સમયગાળો ભૂતકાળની તુલનામાં વધુ સૂકો છે. ગ્લોબલ વોર્મિંગ ચાલુ રહેવાથી આ સમસ્યા વધુ વકરી જશે. આનાથી દુષ્કાળ અને પૂરનું જોખમ વધે છે. આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૧૯૦૦ના દાયકાથી વરસાદની વિવિધતામાં વધારો થયો છે. વૈશ્વિક સ્તરે, પ્રતિ દશક દીઠ ૧.૨% જેટલો વધારો થયો છે. ૧૯૫૦ પછી સદીના ઉત્તરાર્ધમાં આ વલણ વધુ સ્પષ્ટ થયું હતું. સંશોધકોએ અવલોકનાત્મક માહિતીની તપાસ કરી અને જાણવા મળ્યું કે ૧૯૦૦ના દાયકાથી, અભ્યાસ કરાયેલ જમીનના વિસ્તારોમાં વરસાદની પરિવર્તનશીલતા ૭૫%થી વધુ વધી છે. યુરોપ, ઓસ્ટ્રેલિયા અને પૂર્વ ઉત્તર અમેરિકા ખાસ કરીને પ્રભાવિત થયા હતા. વિશ્વભરમાં તમામ ચાર ઋતુઓમાં દૈનિક વરસાદની પરિવર્તનશીલતામાં વધારો થયો છે. લેખકો કહે છે કે આ વધારો મોટાભાગે માનવ-સર્જિત ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનનું પરિણામ છે, જેણે વધુ ગરમ અને વધુ ભેજવાળું વાતાવરણ, વધુ તીવ્ર વરસાદની ઘટનાઓ અને તેમની વચ્ચેના મોટા સ્વિંગનું સર્જન કર્યું છે. તેઓ કહે છે કે તારણો હવામાન અને આબોહવાની આગાહીઓ તેમજ સમાજો અને ઈકોસિસ્ટમ દ્વારા સ્થિતિસ્થાપકતા અને અનુકૂલન માટે નવા પડકારો ઉભા કરે છે. ગ્લોબલ વોર્મિંગ વરસાદને કેવી રીતે અસર કરે છે એ અંગે વૈજ્ઞાનિકો લાંબા સમયથી આ સમસ્યા વિશે જાણે છે. ઔદ્યોગિક ક્રાંતિ પછીથી પૃથ્વી 1.5 ° સે.



ગરમ થઈ છે જે નીચલા વાતાવરણમાં પાણીની વરાળમાં ૧૦% વૃદ્ધિ સમાન છે. વધતી પરિવર્તનશીલતાનો અર્થ દુષ્કાળનું વધુ જોખમ પણ છે. આબોહવા મોડેલો સૂચવે છે કે ઓસ્ટ્રેલિયાના ઘણા ભાગોમાં વરસાદની પરિવર્તનક્ષમતા વધતી રહેશે, સિવાય કે ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ઝડપથી ઘટે છે. વરસાદના દિવસોમાં આ ફેરફાર ઓસ્ટ્રેલિયામાં દુષ્કાળ સર્જી શકે છે અથવા પૂર લાવી શકે છે. આનો અર્થ એ છે કે પરિવર્તનશીલતામાં નાના ફેરફારો પણ ભવિષ્યમાં વધુ વિનાશક દુષ્કાળ લાવી શકે છે કારણ કે શુષ્ક સમયગાળા વધુ સૂકા બનતા જાય છે. આ અસ્થિરતા વધુ ખરાબ દુષ્કાળના સ્વરૂપમાં આવી શકે છે. અથવા તેનો અર્થ ભારે વરસાદ અને પૂરમાં ઘણો વધારો થઈ શકે છે. આ પરિવર્તનશીલતા જળ સંસાધનોના સંચાલનથી માંડીને કુદરતી આફતોનો સામનો કરવા સુધી સરકાર અને સમુદાયોને ઘણી રીતે પડકાર આપશે. આપણે આ ભાવિ પડકારો માટે અત્યારથી જ તૈયારી શરૂ કરવી જોઈએ. જેમ જેમ આ ભયંકર વૈશ્વિક સમસ્યા વકરી રહી છે, તેમ ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને ઘટાડવાની અને ગ્લોબલ વોર્મિંગને મર્યાદિત કરવાની જરૂરિયાત વધુ પ્રબળ બની રહી છે.

### રાજકોટમાં હાર્ટ એટેકનો હાહાકાર

# ૨૪ કલાકમાં હૃદયરોગના હુમલાથી ૧૦ વર્ષના બાળક સહિત ૭નાં મોતથી અરેરાટી વ્યાપી ગઈ

અમદાવાદ, તા.૧

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી હૃદયરોગના હુમલાની ઘટનાઓમાં વધારો થયો છે. જેને લઈને લોકોમાં ચિંતા જોવા મળી છે ત્યારે રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ વર્ષના બાળક સહિત ૭ લોકોના હાર્ટ એટેકથી મોત નિપજતા અરેરાટી મચી જવા પામી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રણુજા મંદિર પાસે રહેતા અને ધો.૪માં અભ્યાસ કરતો પૂર્વાગ નેમિશભાઈ ધામેચા નામનો ૧૦ વર્ષનો માસુમ બાળક પોતાના ઘરે જમવા બેઠો હતો ત્યારે ઊલટી થતાં તે બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો. સારવાર મળે તે પૂર્વે જ મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

બીજા બનાવમાં રાજકોટમાં જામનગર રોડ ઉપર રહેતા લિંગરાજ તનુભાઈ બીસી નામના ૩૮ વર્ષના યુવકને હૃદયરોગનો હુમલો આવતા મોત નીપજ્યું હતું.

ત્રીજા બનાવમાં જામનગર રોડ ઉપર દ્વારકાધીશ પેટ્રોલ પંપ પાછળ રહેતા જયરાજસિંહ અનિરૂદ્ધસિંહ રાણા નામનો ૩૨ વર્ષનો યુવાન સવારના નવેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો ત્યારે બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો. યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે યુવકનું હાર્ટ એટેકથી મોત નીપજયું હોવાનું જાહેર કરતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

ચોથા બનાવમાં કાલાવડ રોડ ઉપર ઈસ્કોન મંદિર પાછળ રહેતા કુસુમબેન કાંતિભાઈ પીઠવા (ઉ.વ.૫૭) પોતાના ઘરે હતા. ત્યારે મધરાત્રે હૃદયરોગનો હુમલો આવતા બેભાન હાલતમાં ઢળી પડ્યા હતા. પ્રૌઢાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નીપજ્યું હતું.

પાંચમાં બનાવમાં સોરઠીયા વાડી સર્કલ પાસે આવેલા યાદવનગરમાં રહેતા રાજુભાઈ કાળુભાઈ કુચાણા નામના ૪૭ વર્ષના પ્રૌઢ રૈયા રોડ ઉપર આવેલી કર્મચારી સોસાયટીમાં મજૂરી કામ માટે ગયા હતા. ત્યારે સાડા દસેક વાગ્યાના અરસામાં બેભાન હાલતમાં ઢળી પડ્યા હતા. પ્રૌઢને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ ઉપરના તબીબે જોઈ તપાસી પ્રૌઢનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું જાહેર કરતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

છઠ્ઠા બનાવમાં રાજકોટની ભાગોળે કુવાડવા ગામ પાસે રહેતા જગુભાઈ દાનાભાઈ ચૌહાણ નામના ૫૦ વર્ષના આધેડ પોતાના ઘરે હતા ત્યારે છાતીમાં દુ:ખાવો ઉપાડતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ ઉપરના તબીબે જોઈ તપાસી જગુભાઈ ચૌહાણનું હાર્ટ એટેકથી મોત નીપજયુ હોવાનું જાહેર કરતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. જ્યારે સાતમા બનાવમાં ઢેબર રોડ ઉપર આવેલા નેહરૂનગરમાં રહેતા સુરેશભાઈ કલુભાઈ ગૌતમ નામના ૫૧ વર્ષના આધેડ રાત્રીના બારેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે તેમને અચાનક હૃદયરોગનો હુમલો આવતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં તેમનું મોત નીપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. આમ હાર્ટ એટેકથી ૭નાં મોતના બનાવથી સમગ્ર રાજકોટમાં શોકનો માહોલ જોવા મળ્યો હતો.

# સુપ્રીમ કોર્ટે મની લોન્ડરિંગ કેસમાં ઝારખંડના સીએમ હેમંત સોરેનના જામીન સામેની EDની અરજીને ફગાવી



(એજન્સી) તા.૧

જમીન સોદા સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં મુખ્યમંત્રી હેમંત સોરેનને જામીન આપવાનો ૨૮ જૂનનો ઝારખંડ હાઈકોર્ટનો આદેશ ‘‘ખૂબ જ વાજબી’’ હોવાનું માનીને સુપ્રીમ કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની તેમની સામેની અરજીને ફગાવી દીધી હતી. જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે EDનું પ્રતિનિધિત્વ કરતા એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુને જણાવ્યું હતું કે, ‘અમે અસ્પષ્ટ આદેશમાં દખલ કરવા માટે તૈયાર નથી.’

બેન્ચે જણાવ્યું હતું કે, ‘અમે સ્પષ્ટતા કરીએ છીએ કે વિદ્વાન સિંગલ જજ દ્વારા કરવામાં આવેલા અવલોકનો જામીનની વિચારણા સાથે સંબંધિત છે અને તે ટ્રાયલ અથવા અન્ય કોઈપણ કાર્યવાહીમાં વિદ્વાન ટ્રાયલ જજને પ્રભાવિત કરશે નહીં.’ રાજુએ એ વાત પર ભાર મૂકવાની કોશિશ કરી કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની કલમ ૫૦ હેઠળ ED દ્વારા નોંધવામાં આવેલા સાક્ષીઓના નિવેદનોને અવિશ્વાસ કરતી હાઈકોર્ટ યોગ્ય નથી. બેન્ચે કહ્યું, ‘‘અમે આગળ કંઈપણ જોવા માંગતા નથી. જો અમે આગળ કંઈપણ અવલોકન કરીએ તો તમે મુશ્કેલીમાં મુકાઈ જશો.’’ સુપ્રીમ કોર્ટ દ્વારા ઈઢની અરજીનો અસ્વીકાર જેએમએમના કાર્યકારી પ્રમુખ માટે મોટી રાહત તરીકે આવે છે, જેમણે આ કેસમાં ૩૧ જાન્યુઆરીએ EDએ તેમની ધરપકડ કરી હતી તેના થોડા સમય પહેલા મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપ્યું હતું. આ કેસમાં જામીન ઉપર જેલમાંથી બહાર આવ્યા બાદ સોરેને ૪ જુલાઈએ ફરીથી ઝારખંડના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. EDના વકીલે હાઈકોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે જો સોરેનને જામીન ઉપર છોડવામાં આવે તો તે આવો જ ગુનો કરી શકે છે. તેણે SC/ST પોલીસ સ્ટેશનમાં ED અધિકારીઓ સામેના કેસનો પણ ઉલ્લેખ કર્યો હતો. જો કે, હાઈકોર્ટે કહ્યું હતું કે, ‘જો કે, અરજદાર દ્વારા ઈડીના અધિકારીઓ સામે દાખલ કરાયેલા ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટના આધારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા અરજદારની વર્તણૂકને હાઈલાઈટ કરવાની માંગ કરવામાં આવી છે, પરંતુ એકંદરે પરિપ્રેક્ષ્યમાં કેસ, અરજદાર સમાન પ્રકૃતિનો ગુનો કરે તેવી કોઈ શક્યતા નથી.’ HCએ જણાવ્યું હતું કે, કોર્ટ દ્વારા નોંધવામાં આવેલા તારણોનું પરિણામ ‘પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨ની કલમ ૪૫ મુજબની શરતને સંતોષે છે કે એવું માનવા માટેનું કારણ છે કે અરજદાર કથિત તરીકે ગુના માટે દોષિત નથી.’ EDએ આરોપ મૂક્યો હતો કે તેમણે રાજ્યની રાજધાનીમાં બાર્ગેન વિસ્તારમાં ૮.૮૬ એકર જમીન ‘ગેરકાયદેસર’ હસ્તગત કરવા માટે મુખ્યમંત્રી તરીકેના તેમના પદનો દુરૂપયોગ કર્યો હતો. એજન્સીએ દાવો કર્યો હતો કે, તપાસ દરમ્યાન સોરેનના મીડિયા કન્સલ્ટન્ટ અભિષેક પ્રસાદે સ્વીકાર્યું હતું કે જેએમએમ નેતાએ તેમને પ્લોટની માલિકીની વિગતો બદલવા માટે સત્તાવાર રેકોર્ડ સાથે ચેડાં કરવાની સૂચના આપી હતી. ઈડીએ એવો પણ દાવો કર્યો હતો કે જમીનના મૂળ માલિક રાજ કુમાર પહાણે જ્યારે તેમની જમીન હડપ કરવામાં આવી ત્યારે ફરિયાદ નોંધાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેના ઉપર ક્યારેય કાર્યવાહી કરવામાં આવી ન હતી.

# દેશમાં પાણીનો કેર, અનેક રાજ્યોમાં અનરાધાર વરસાદ

નવી દિલ્હી, તા.૧

ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદના કારણે અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં પણ ભારે વરસાદે લોકોની મુશ્કેલી વધારી છે. જ્યારે ૨૪ કલાકમાં ૪ લોકોનાં મોત થયા છે. તેની વચ્ચે હવામાન વિભાગે ૨૨ રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે ત્યારે કયા રાજ્યોમાં કેવો છે વરસાદનો કહેર છે તે જોઈએ. વરસાદ ન પડે તો પણ મુશ્કેલી અને અતિ વરસે તો પણ મુશ્કેલી આવું એટલા માટે કહી રહ્યા છીએ કેમ કે દેશના અનેક રાજ્યોમાં અત્યારે અતિ વરસાદ વરસી રહ્યો છે. જેણે તે રાજ્યના લોકોની મુશ્કેલીમાં મોટો વધારો કરી દીધો છે. બીજી રીતે કહીએ તો જનજીવન ઉપર મેઘરાજાએ બ્રેક લગાવી દીધી છે. આ દૃશ્યો મધ્યપ્રદેશના બેતવાના છે. અહીંયા બેતવા નદીના કિનારે આવેલ પ્રાચીન ચરણ તીર્થ ધામ મંદિર પાણીમાં ગરકાવ થઈ ગયું છે. તો રાજ્યની નર્મદા, પાર્વતી સહિતની નદીઓમાં સતત વધી રહેલા જળસ્તરથી ૮ જિલ્લામાં પૂરની ચેતવણી આપવામાં આવી છે. મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં અહીંયા ભારે વરસાદ બાદ નદીઓમાં પૂર આવી ગયા છે. જેના કારણે શિરોલી પાસે આવેલ પુણે-બેંગ્લુરૂ હાઈવેની આજુબાજુ પાણી ભરાઈ ગયા છે. દૃશ્યોમાં જોઈ શકાય છે કે હાઈવેના નીચાણવાળા ભાગમાં આવેલી દુકાનોમાં પૂરના પાણી ઘૂસી ગયા છે. જેના કારણે દુકાનમાલિકોને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. કોલ્હાપુરમાં પંચગંગા નદી ભયજનક સ્તરે વહી રહી છે. તો ભારે વરસાદના કારણે સતત નદીમાં પાણીની નવી આવક થઈ રહી છે. જેથી નદીકાંઠાના વિસ્તારમાં નદીના પાણી ઘૂસવાના શરૂ થઈ ગયા છે. તો કોલ્હાપુરના બજારોમાં પણ પૂરના પાણી ફરી વળતાં લોકોની હાલાકીમાં વધારો થયો છે. છત્તીસગઢના જગદલપુરમાં સારો વરસાદ નોંધાતા ચિત્રકૂટનો ધોધ જીવંત થઈ ઉઠ્યો છે. ધોધમાંથી પાણીનો પ્રચંડ પ્રવાહ વહી રહ્યો છે. ચિત્રકૂટમાં ધોધ જીવંત થતાં તેને નિહાળવા માટે મોટી સંખ્યામાં લોકો દૂરદૂરથી પહોંચી રહ્યા છે અને તેને જોઈને રોમાંચિત થઈ રહ્યા છે. આ તરફ હિમાચલ પ્રદેશના શિમલામાં પણ વરસાદ શરૂ થઈ ગયો છે. જેણે ફરી એકવાર લોકોની મુશ્કેલી વધારી દીધી છે. ધોળા દિવસે વરસાદી માહોલના કારણે સાંજ જેવું વાતાવરણ થઈ ગયું. આ દૃશ્યો ઉત્તરાખંડના ટિહરીના તિનગઢના છે. શનિવારની સાંજે ભારે વરસાદ બાદ પહાડનો મોટો ભાગ નીચે ધસી આવ્યો. જેના કારણે આખું તોલી ગામ નષ્ટ થઈ ગયું. ભારે વરસાદના પગલે સ્થાનિક પ્રશાસને પહેલાં જ ગામને ખાલી કરાવી દીધું હતું.

# બિહારમાં પુલ તૂટી પડવાની ઘટનાઓ : સુપ્રીમ કોર્ટે PIL બાદ બિહાર સરકાર, NHAIનો જવાબ માંગ્યો

**બિહારના સિવાન, સારણ, મધુબની, અરરિયા, પૂર્વ ચંપારણ અને કિશનગંજ જિલ્લામાં છેલ્લા ચાર સપ્તાહમાં પુલ ધરાશાયી થવાની ૧૦ ઘટનાઓ નોંધાઈ છે**

નવી દિલ્હી, તા.૧

સુપ્રીમ કોર્ટે બિહાર સરકાર અને NHAI સહિત અન્ય લોકો પાસેથી એક PIL ઉપર જવાબ માંગ્યો હતો જેણે રાજ્યમાં પુલની સલામતી અને દીર્ધાયુષ્ય અંગે ચિંતા વ્યક્ત કરી હતી જયારે તેમાંથી ઘણા છેલ્લા કેટલાક અઠવાડિયામાં તૂટી પડ્યા હતા. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) ડી.વાય. ચંદ્રચૂડ અને જસ્ટિસ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બનેલી બેંચે પીઆઈએલ ઉપર રાજ્ય સરકાર અને અન્ય લોકોને નોટિસ જારી કરી હતી જેમાં સ્ટ્રક્ચરલ ઓડિટ માટે દિશાનિર્દેશોની માંગ કરવામાં આવી હતી અને પુલને મજબૂત બનાવવા અથવા તોડી પાડવા માટેના તારણો ઓળખવા માટે નિષ્ણાત પેનલની સ્થાપના કરવા માટે નિર્દેશો માંગવામાં આવ્યા હતા.

રાજ્ય અને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) ઉપરાંત સર્વોચ્ચ અદાલતે માર્ગ બાંધકામ વિભાગના અધિક મુખ્ય સચિવ, બિહાર રાજ્ય પુલ નિર્માણ નિગમ લિમિટેડના અધ્યક્ષ અને ગ્રામીણ કાર્ય વિભાગના અધિક મુખ્ય સચિવને પણ નોટિસ પાઠવી હતી. બિહારના સિવાન, સારણ, મધુબની, અરરિયા, પૂર્વ ચંપારણ અને કિશનગંજ જિલ્લામાં છેલ્લા ચાર સપ્તાહમાં પુલ તૂટી પડવાની દસ ઘટનાઓ નોંધાઈ છે. ઘણા લોકોએ દાવો કર્યો છે કે, ભારે વરસાદના કારણે આ ઘટનાઓ બની શકે છે. એડવોકેટ બ્રજેશસિંઘ દ્વારા દાખલ કરાયેલ પીઆઈએલમાં ચોમાસા દરમ્યાન પૂર અને ભારે વરસાદના સાક્ષી રહેલા રાજ્યમાં પુલની સલામતી અને આયુષ્ય અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

ઉચ્ચ સ્તરીય નિષ્ણાત પેનલની સ્થાપના કરવા ઉપરાંત તેણે કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયના માપદંડો અનુસાર પુલનું રીઅલ-ટાઈમ મોનિટરિંગ પણ માંગ્યું હતું. અરજદારે કહ્યું કે, તે ગંભીર ચિંતાનો વિષય છે કે, બિહાર ભારતમાં સૌથી વધુ પૂરગ્રસ્ત રાજ્ય છે. રાજયમાં પૂરથી અસરગ્રસ્ત કુલ વિસ્તાર ૬૮,૮૦૦ ચોરસ કિ.મી. છે જે તેના કુલ ભૌગોલિક વિસ્તારના ૭૩.૦૬ ટકા છે. અરજદારે કહ્યું કે, ‘તેથી બિહારમાં પુલ પડી જવાની ઘટનાની આવી નિયમિત ઉપાર્જન વધુ આપત્તિજનક છે કારણ કે, મોટાભાગે લોકોના જીવન જોખમમાં છે. તેથી લોકોના જીવન બચાવવા માટે આ અદાલતની તાત્કાલિક હસ્તક્ષેપ જરૂરી છે, કારણ કે, બાંધકામ હેઠળના પુલો બનીને તૈયાર થઈ જાય તે પહેલાં જ તૂટી પાડવાની ઘટનાઓ નિયમિત રીતે બની રહી છે.’ પુલ તૂટી પડવાની ઘટનાઓને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી નીતિશકુમારે માર્ગ નિર્માણ અને ગ્રામીણ બાંધકામ વિભાગોને રાજ્યના તમામ જૂના પુલોનું સર્વેક્ષણ કરવા અને તાત્કાલિક સમારકામની જરૂર હોય તેવા લોકોની ઓળખ કરવાનો નિર્દેશ આપ્યો છે.

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ભલામણોનો ગૂજરાત વિદ્યાપીઠમાં હવે અમલ થશે

અમદાવાદ, તા.૧

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની ભલામણોનો ગૂજરાત વિદ્યાપીઠમાં અમલ થશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની ભલામણોનો ગુજરાત વિદ્યાપીઠમાં કઈ રીતે અમલ કરવામાં આવ્યો છે તે અંગેની એક આકારણી બેઠક તાજેતરમાં ઉચ્ચ શિક્ષણમાં કાર્યરત સૌ અધ્યાપકોની સાથે કુલપતિ હર્ષદ પટેલની અધ્યક્ષતામાં હિરક મહોત્સવ ખંડમાં યોજાઈ હતી. આ બેઠકમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના ગૂજરાત વિદ્યાપીઠમાં અમલીકરણ માટેના નોડલ ઓફિસર ડૉ. દિપુબાએ ઉચ્ચ શિક્ષણમાં એ તમામ કાર્યો અને વિભાગો અંગે વિસ્તારથી જણાવ્યું જેમાં ગૂજરાત વિદ્યાપીઠે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના સૂચનોનો અમલ કર્યો છે. કુલપતિ ડૉ.હર્ષદભાઈએ આ અંગે અભિનંદન આપ્યા અને આનંદ વ્યક્ત કર્યો હતો. ગૂજરાત વિદ્યાપીઠના શૈક્ષણિક અને બિન શૈક્ષિણીક કર્મચારીઓને વિદ્યાકીય, નેતૃત્વ અને વ્યવસ્થાપનની તાલીમ મળી રહે તે ઉદ્દેશથી ‘વ્યવસાયિક સજ્જતા મંદિર’ની રચના કરાવામાં આવી છે. આ કાર્યની જવાબદારી પ્રાધ્યાપક ડૉ.ભરત જોશીને આપવામાં આવી છે. આગામી તા. ૮,૯,૧૦ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ‘વ્યાસ’ના ઉપક્રમે શૈક્ષણિક સેવકોની તાલીમ માટેનો પ્રથમ કાર્યક્રમ યોજાનાર છે. ‘વ્યાસ’ના ઉપક્રમે થનાર તાલીમ ઈન હાઉસ, સ્ટેટ લેવલ અને નેશનલ લેવલે પણ યોજાશે અને તે માટે ઉચ્ચ કક્ષાના કાર્યક્રમો પણ યોજાશે.

### રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકો માટે સૂચનાઓ જારી

# રાજ્યમાં મેલેરિયા સહિત વિવિધ રોગોને અટકાવવા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી

ગાંધીનગર, તા.૧

સમગ્ર રાજ્યમાં ભારે વરસાદના પગલે ચોમાસામાં મચ્છરજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા વગેરેનો ઉપદ્રવ વધુ પ્રમાણમાં જોવા મળે છે. તેનાથી બચવા સૌએ તકેદારી રાખવી જરૂરી છે. મેલેરિયા રોગ ચેપી માદા એનોફીલીસ મચ્છર દ્વારા જ્યારે ડેન્ગ્યુ અને ચિકનગુનિયા માદા એડીસ મચ્છરોના કરડવાથી થાય છે. જેથી આ રોગના નિયંત્રણ માટે સૌ નાગરિકો સહિયારા પ્રયાસો કરવા અનિવાર્ય હોવાનો અનુરોધ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગથી બચવા નાગરિકો માટે માર્ગદર્શિકા જાહેર કરતા કરાયો છે. માર્ગ દર્શિકામાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના મચ્છરો ઘરમાં ન ફેલાય તે માટે ઘરમાં અને ઘરની આજુબાજુમાં પાણી સંગ્રહના પાત્રોને ખુલ્લા ના રાખવા, ઘરની આજુબાજુમાં પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી જોઈએ. મેલેરિયા થયો હોય તેવા વ્યક્તિઓને પૂરેપૂરી સારવાર લેવી જરૂરી છે. વરસાદી સિઝન દરમ્યાન બોટલ, ટીન, ટાયર, અને નાળીયેરની કાછલી, ભંગારનો નાશ કરવો. ડેન્ગ્યુ અને ચિકનગુનિયાની કોઈ ખાસ દવા ઉપલબ્ધ નથી જેથી નાગરિકોને ડોકટરની સલાહ વિના દવા લેવી નહિ તેમાં પણ એસ્પીરીન જેવી દવાઓનો ઉપયોગ ટાળવો જોઈએ. મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા રોગના નિયંત્રણ માટે નાગરિકોને તાવ હોય ત્યારે લોહીની તપાસ કરાવી જોઈએ. સાદો મેલેરિયા હોય તો ૧૪ દિવસની અને ઝેરી મેલેરિયા હોય તો ત્રણ દિવસની સંપૂર્ણ સારવાર નાગરિકોએ લેવી જોઈએ. મચ્છરથી બચવા મચ્છર વિરોધી ક્રીમ, કોઈલ અને અગરબત્તીનો ઉપયોગ કરવો જોઈએ. ઘરમાં અને ઘરની આજુબાજુમાં પાણી સંગ્રહના પાત્રોને હવાચુસ્ત ઢાંકણાંથી બંધ રાખવા જોઈએ. નાગરિકોએ ઘરના બારી બારણા, ખાસ કરીને સવાર અને સાંજે બંધ રાખવા જોઈએ તેમજ રાત્રે સૂતી વખતે જંતુનાશક કે સાદી મચ્છરદાનીનો ઉપયોગ કરવો જોઈએ. ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના દર્દીઓને પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવું જોઈએ તેમ આરોગ્ય વિભાગની યાદીમાં વધુમાં જણાવાયુ છે. મેલેરિયા એક ગંભીર રોગ છે જે મચ્છરના કરડવાથી ફેલાય છે. આ રોગના લક્ષણો ઘણીવાર તાવ, શીતળતા અને પરસેવો આવવા જેવા હોય છે. જો તમને મેલેરિયાના લક્ષણો દેખાય તો તરત જ ડોક્ટરને બતાવવું જરૂરી છે.

**ચોમાસામાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા મચ્છરજન્ય રોગો સામે તકેદારી જરૂરી**

# શું રૂપિયા ૧૧૦ કરોડના ડ્રગ્સના પકડાયેલા કન્સાઈન્મેન્ટની તપાસ પર લોખંડી પડદો પાડવામાં આવ્યો ?

## સૌરાષ્ટ્ર ના સાગરકાંઠા ને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફીયાઓ એ અપ ગ્રેડ કરી હેરાફેરી ના એ.પી.સેન્ટર માંથી હબ બનાવ્યું !? : રાજ્ય ના સાગર કાંઠે ઉલ્ટી ગંગા વહે છે?!! : અત્યાર સુધી વિદેશ થી આવતું ડ્રગ્સ પકડાતું હવે વિદેશ જતું પકડાયું !!




(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા તા.૧

છેલ્લા પાંચ વર્ષ મા સૌરાષ્ટ્ર નો સાગરકાંઠો ડ્રગ્સ ની હેરાફેરી નું એ.પી.સેન્ટર બન્યું હોય તેમ હજારો કરોડ રૂપિયા નું ડ્રગ્સ ઘુસાડવામાં આવતું પકડાયું છે. અહીં આ આંકડો પકડી પાડવામાં આવ્યું છે તે અને સરકારી ચોપડે નોંધાયેલ છે તે છે. પરંતુ પકડાયેલ નથી તેવું લાખો કરોડ નું ડ્રગ્સ ઘુસાડવામાં આવ્યાનું પણ હવે નકારી શકાતું નથી કારણ કે આ ના પકડાયેલ ડ્રગ્સ ને દવા ની ગોળીઓ ના સ્વરૂપ મા ફેરવી કન્ટેનર દ્વારા નિકાસ કરવાનું કૌભાંડ મુન્દ્રા કસ્ટમ દ્વારા પકડી પાડવામાં આવ્યું છે. જે તો ડ્રગ્સ ના નિકાસ ની ભારતીય ડ્રગ્સ માફીયાઓ દ્વારા અપનાવાયેલ નવી મોડ્સ ઓપરેન્ડી નો ફક્ત પ્રથમ પકડી પાડવામાં આવેલ કિસ્સો છે.

પરંતુ આ ઘટના સાબિત કરે છે કે આજ મોડોપરેન્ડી દ્વારા ભૂતકાલ મા લાખો કરોડો રૂપિયા નું ડ્રગ્સ અહીં થી દવા ના સ્વરૂપે નિકાસ થયાં નું નકારી શકાતુ નથી જેના પ્રાથમિક કારણો મા રાજ્ય મા છેલ્લા દશ વર્ષ માં વિક્રમજનક રીતે વિકસેલા ફાર્મા ઉદ્યોગ અને વ્યવસાય ની સીધી કે આડકતારી સામેલગીરી નકારી શકાતી નથી. બીજી બાજુ જ્યારે જ્યારે સૌરાષ્ટ્રના સમુદ્ર કે સમુદ્ર કિનારે થી ડ્રગ્સ પકડાતું ત્યારે ત્યારે ત્યારે તંત્ર તેને તંત્ર દ્વારા અગાઉ જેમ કોઈપણ દેશદ્રોહી પ્રવૃત્તિ માટે દુબઈ અને દાઉદ નું નામ જાહેર કરી તે ઘટના ઉપર લોખંડી પડદો પાડવામાં આવતો તેમ. અહીં ડ્રગ્સ પકડાય એટલે પાકિસ્તાન સ્થિત આંતરારાષ્ટ્રીય ડ્રગ્સ માફીયા દ્વારા ઈરાન ના બંદર પર થી વાયા હિન્દુસ્તાન થઈ શ્રીલક્ષા તરફ ફરી ને વિદેશ જતું હોવાનું જાહેર કરી પ્રજાને પોતાની કામગીરી ની વાહવાહ કરાવતુ હોય તેમ જણાવાતું. પરંતુ ગઈકાલે કચ્છ ના મુન્દ્રા બંદરે થી કન્ટેનર મા બિન અધિકૃત રીતે અન્ય સામાન ની સાથે છુપાવી નિકાસ કરાતા માલ ની સાથે પ્રતિબંધિત ડ્રગ્સ ની ટેબ્લેટ કે જે પેઈન કિલર તરીકે ડોક્ટરો દ્વારા પ્રિસ્ક્રાઈબ થતી ને ડ્રગ્સ ના બંધાણી દ્વારા તેનો દુરુપયોગ કરી નશો કરવામાં વપરાતી ટ્રામાંડોલ ના નામે વહેંચાતી દવા ના નામ ને બદલી તેજ દવા ના કન્ટેન્ટ ધરાવતી ટ્રેમેકિંગ ૨૨૫ અને રોયલ ૨૨૫ નામની કે જે સ્ટ્રીપ પેકીંગ કે ઉત્પાદન કરનાર ના નામ નિશાન વગર ની પણ તેમાં ભરવામાં આવેલ કેમિકલ્સ ના સબસ્ટન ટ્રામાંડોલ હાઈડ્રોકલોરાઈડ ધરાવતી આશરે ૧૧૦ કરોડ રૂપિયા ની કિંમત ના નશાકારક ડ્રગ્સ ની ટેબ્લેટ નો જથ્થો મુન્દ્રા કસ્ટમ દ્વારા પકડી પાડી દેશ મા ડ્રગ્સ ની વિદેશ મા નિકાસ ની હેરાફેરી નો પ્રથમ ગુન્હો પકડી પાડી સૌરાષ્ટ્ર નો સાગરકાંઠો આજ દિવસ સુધી જે ડ્રગ્સ ની હેરાફેરી નું એ.પી.સેન્ટર મનાતું તે હવે ડ્રગ્સ ની હેરાફેરી નું એ.પી.સેન્ટર નહી પણ હબ બની ગયા નું કે જ્યા માલ આવે...પ્રોસેસ થાય...ફરી આગળ જાય તેમ હબ બની ગયા નું પુરવાર કરનાર સાબિત કરી આપેલ છે. જેની તપાસ માટે સરકારી તંત્ર કસ્ટમ પાસે માલ મોકલનાર,કસ્ટમ ક્લિયરન્સ કરાવનાર,કન્ટેનર ભરનાર વ્યક્તિ,સ્થળ,સમય, તેમજ માલ લેનાર વ્યકતિ ની આજ પ્રમાણે ની હકીકતો રેકર્ડ પર નોંધાયેલ છે. છતાં આ ઘટના ને ત્રણ ત્રણ દિવસ જેટલો સમય પસાર થવા છતાં હજુ આગળ ની કોઈ વિગતો જાહેર કરવામાં ના આવતા આ આંતરારાષ્ટ્રીય માફીયાઓ ની નવી ઓપરેન્ડી દ્વારા લાખો કરોડો રૂપોયા નિકાસ થયેલા આજ પ્રકાર ના કન્ટેનરો ની વિગતો પર લોખંડી પડદો પાડવાની તૈયારી ચાલતી હોવાનું નકારી શકાતુ નથી. હકીકત મા જ્યારે સૌરાષ્ટ્રના સમુદ્ર અને સાગરકાંઠે થી છેલ્લા પાંચ વર્ષ મા જ હજારો કરોડ રૂપિયા નું બલ્ક ડ્રગ્સ મતલબ કે પ્રોસેસ કર્યા વગર નું પકડાયેલ છે. જેની કિંમત વજન ના ભાવ ના હિસાબે ગણવામાં આવે છે. ત્યારે અહીં આજ ડ્રગ્સ ને પ્રોસેસ કરી ટેબ્લેટ માં,કેપ્સુલ ના સ્વરૂપ મા બદલી મિલિગ્રામ ના વજન ની અન્ય સબસીટ્યુટ પાવડર મિક્સ કરી બનાવાતી આ ડ્રગ્સ ની ટેબ્લેટ બનાવી નંગ ના હિસાબે વેચાણ થતી આ ડ્રગ્સ ની આંતરારાષ્ટ્રીય બજાર મા કિંમત હજારો રૂપિયા ના સ્થાને લાખો બની જાય છે. ત્યારે આ ડ્રગ્સ ની નિકાસ પણ તંત્ર જે ફક્ત કરોડો મા ગણે છે તે વધી ને હજાર કરોડ અને હજારો મા ગણાય છે તે લાખો મા ગણાય જે ફક્ત ફાર્મા ઉધોગ સાથે સંકલાયેલા જાણે છે. ત્યારે આ ઘટના પર સંભવિત પાડવામાં આવનાર લોખંડી પડદો ફક્ત બસો પાંચશો કરોડ ની રકમ પર નહીં પણ હજારો લાખો કરોડ ના બિનાધિકૃત ડ્રગ્સ ની હેરાફેરી પર હોવાની શક્યતા નાકારી શકાતી નથી.

### પ્રાથમિક શાળાના શિક્ષકો માટે ક્લાઈમેટ સાયન્સ ગેમ્સ માટે તાલીમનુ આયોજન

# ગુજરાતના 3,૭૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ક્લાઈમેટ ચેન્જ-ગેમ ચેન્જર બનશે

ગાંધીનગર તા.૧

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી **(GUJCOST)** એ ક્લાઈમેટ ચેન્જ વિભાગ, સરકારના સહયોગથી ગુજરાતના વિદ્યાર્થીઓને ક્લાઈમેટ ચેન્જ ગેમ ચેન્જર બનવા માટે પ્રેરિત કરવા માટે એક નવીન પ્રોજેક્ટનું આયોજન કરી રહ્યું છે.

આ પ્રોજેક્ટ યુવા વિદ્યાર્થીઓને તેમના સ્વપ્નાઓ માટે પ્રેરણા આપવાની પરિકલ્પના કરે છે. આ પ્રોજેક્ટ અંતર્ગત તેઓ વિવિધ ઈન્ટરેક્ટિવ બોર્ડ ગેમ્સ અને પ્રવૃત્તિઓ દ્વારા આબોહવા પરિવર્તન વિજ્ઞાનના ઘણા નવા અને રસપ્રદ વૈજ્ઞાનિક ખ્યાલો શીખશે. જેમાં ક્લાઈમેટો ગેમ, કિબો ગેમ, વસુધૈવ કુટુમ્બકમ ગેમ, સંતુલન ગેમ, કારકિર્દી ગેમ, મેથોપટ ગેમ અને બોર્ડ ગેમ સહિતની ગેમ્સનો સમાવેશ થાય છે.

આ પ્રવૃત્તિની રમતોની સામગ્રીને આબોહવા પરિવર્તનના **(Climate Change)**નાં પ્રવર્તમાન મુદ્દાઓ અને તેનાં શમનની રીતો તરફ યુવા દિમાગને કેળવવા માટે ઝીણવટપૂર્વક બનાવવામાં આવી છે.

શાળાના બાળકો માટે બોર્ડ ગેમ્સ અને અન્ય અરસપરસ રમતો ઘણીવાર તેમના મનને પડકારે છે અને તેઓ વસ્તુઓનુ કેવી રીતે અર્થઘટન કરી શકે છે તે વિશે સક્રિયપણે વિચારતા રહે છે. આ તેમને માનસિક વિકાસ અને બુદ્ધિક્ષમતા વધારવામાં મદદ કરે છે.

ગુજકોસ્ટએ આ ગેમ કિટો મેળવેલ છે અને તે તેના જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રો **(CSC)**ના નેટવર્ક દ્વારા ૧,૦૦૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં વહેંચી રહ્યુ છે. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી **(DPE)**, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના સહયોગથી આ પ્રોજેક્ટનો અમલ કરવામાં આવી રહ્યો છે.

આ કાર્યક્રમના ભાગરૂપે, શાળાના શિક્ષકો તેમની નજીકના જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રોની મુલાકાત લેશે, જ્યાં તેઓને આ પ્રવૃત્તિ ગેમ-કિટ્સના અસરકારક ઉપયોગ વિશે તાલીમ આપવામાં આવશે. આ તાલીમ ૧ ઓગસ્ટ ૨૦૨૪ થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૪ સુધી ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓમાં યોજાશે.

આ રમતો શાળાના વિદ્યાર્થીઓને તેમની સામાજિક કૌશલ્યો જેમ કે ટીમ વર્ક, નેતૃત્વની ગુણવત્તા અને અન્ય સમકક્ષ જૂથો સાથે સહકાર વિકસાવવામાં મદદ કરશે. તે શાળાના બાળકોની વિશ્લેષણાત્મક વિચારસરણીમાં વધારો કરે છે. તે વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓને હલ કરીને સર્જનાત્મકતાને ખીલવવા પ્રોત્સાહિત કરે છે.

ગુજરાતભરની ૧,૦૦૦ શાળાઓમાં ક્લાઈમેટ ચેન્જ ગેમ્સની આ તાલીમ અને વિતરણ પૂર્ણ થયા પછી, વિદ્યાર્થીઓને તેમના સર્જનાત્મક વિચારો અને નવીનતાઓ રજૂ કરવા માટે ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ, નેશનલ સાયન્સ સેમિનાર અને ગુજકોસ્ટના અન્ય ફ્લેગશિપ કાર્યક્રમોમાં ભાગ લેવા માટે પ્રેરિત કરવામાં આવશે .

આ ક્લાઈમેટ સાયન્સ ગેમ્સ ગુજરાતભરના બાળકોમાં ક્લાઈમેટ ચેન્જની જાગૃતિ કેળવવામાં ખરેખર મદદરૂપ થશે.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા વલસાડના ધરમપુર ખાતે રિફ્રેશર ત્રિ દિવસીય યોગ તાલીમ શિબિરની સફળતા પૂર્વક પૂર્ણાહુતિ






(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તેમજ શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ચેરમેન યોગ સેવક શીશપાલજી રાજપુત તથા વિશેષ અધિકારી બિશનસીંગ બેદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતના ૧૦૦૦ થી પણ વધુ યોગ કોચ/ટ્રેનરોને વલસાડના ધરમપુર ખાતે ત્રિ દિવસીય રીફ્રેશર યોગ તાલીમ શિબિરનું આયોજન ૨૯ થી ૩૧ જુલાઈ ૨૦૨૪ સુધી કરવામાં આવ્યું હતું.જેમાં સમગ્ર ગુજરાતના અલગ અલગ જિલ્લાઓ, તાલુકાઓ માંથી ૧૦૦૦ થી પણ વધુ સંખ્યામાં યોગીઓ જોડાયા હતા.યોગ ઉપરાંત અનેક મોટીવેશનલ એક્ટિવિટીની પણ તાલીમ આપવામાં આવી હતી.દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી ૮ વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી હતી જેમાં સૌરાષ્ટ્ર ઝોન યોગ કોર્ડીનેટર પ્રીતિબેન શુકલ, દેવભૂમિ દ્વારકા જિલ્લાના યોગ કોર્ડીનેટર ધનાભા જડિયા,દ્વારકા યોગકોચ સન્ની પુરોહિત, ખંભાળિયા ટ્રેનર ખીમજીભાઈ નકુમ,ઓખા ટ્રેનર રક્ષાબેન જોશી,ભાણવડ ટ્રેનરો માધવી ખાણઘર,જસ્મીન જાવિયા, અલ્પાબેન પંડ્યા, વિમલાબેન કંટેસરિયા વગેરે જોડાયા હતા અને સફળતાપૂર્વક આ તાલીમ પૂર્ણ કરી હતી.ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ધરમપુર વલસાડ ખાતે આ ત્રીજું સફળ આયોજન થયુ. ફેબ્રુઆરી માસ ૨૦૨૪ માં પણ ૫૦૦ જેટલા કોચને તાલીમ આપવામાં આવી હતી. આ પ્રસંગે દ્વારકા જિલ્લા યોગ કોઓર્ડીનેટર ધનાભા જડિયા તેમજ દ્વારકા ટીમ દ્વારા ચેરમેન શિશપાલજીને દ્વારકાધીશ જગત મંદિરનો પ્રસાદ તેમજ દ્વારકા મહાત્મય પુસ્તક આપી સન્માન કરી આભાર વ્યક્ત કરવામાં આવ્યો.અત્રે એ ઉલ્લેખનીય છે કે આ તાલીમમાં ફક્ત એજ યોગ કોચ/ટ્રેનરોની પસંદગી કરવામાં આવી હતી જેઓ પોતાના કાર્યમાં પોતાના કાર્યમાં છેલ્લા ત્રણ માસથી એક્ટિવ છે.

# ખંભાળિયા નજીક પુરપાટ જતી કારની હડફેટે રીક્ષા ચાલક આધેડનું કરૂણ મૃત્યું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧

ખંભાળિયા નજીકના હાઈવે માર્ગ ઉપર મંગળવારે રાત્રિના સમયે પુરપાટ વેગે જઈ રહેલી એક મોટરકારના ચાલકે રિક્ષાને પાછળથી ટક્કર મારતા રીક્ષા પલટી ખાઈ ગઈ હતી અને તેના ચાલકનું સ્થળ ઉપર જ કરૂણ મૃત્યું નીપજ્યું હતું. આ બનાવની વિગત એવી છે કે ખંભાળિયામાં આવેલી વાય.કે.જી.એન. સોસાયટી ખાતે રહેતા અને રીક્ષા ચલાવતા અનવરશા રહેમાનશા શાહમદાર નામના ૫૫ વર્ષના પ્રૌઢ મંગળવારે રાત્રે આશરે ૧૦:૩૦ વાગ્યાના સમયે તેમના વાસ્પા રીક્ષા લઈને જઈ રહ્યા હતા. ત્યારે ખંભાળિયા-દ્વારકા હાઈવે પર પાયલ ચોકડી નજીક પહોંચતા પૂરઝડપે અને બેફીકરાઈપૂર્વક જઈ રહેલી જી.જે. ૩૭ એમ. ૭૫૮૦ નંબરની કારના ચાલકે અનવરશા શાહમદારની વાસ્પા રીક્ષાને પાછળથી ઠોકર મારી હતી. આ ટક્કરના કારણે રીક્ષા રોડની એક બાજુ પલટી ખાઈ ગઈ હતી અને રીક્ષા ચાલકને ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં





ઈમર્જન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે અહીંની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. આ સમગ્ર બનાવવા અંગે મૃતકના પુત્ર નખીલશા અનવરશા શાહમદાર (ઉ.વ. ૧૯) ની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે અજાણ્યા કારના ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયામાં રેલ્વે સલાહકાર સમિતિની બેઠકમાં વિવિધ પ્રશ્નો રજૂ કરાયા : કોરોના કાળથી બંધ થયેલી ટ્રોલી પુનઃ શરૂ કરવા માંગ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧

ખંભાળિયાના રેલ્વે સ્ટેશન ખાતે તાજેતરમાં રેલવે વિભાગના અધિકારીઓ તેમજ રેલવે સલાહકાર સમિતિના સદસ્યોની એક બેઠક યોજાઈ હતી. જેમાં ખંભાળિયા શહેર અને આસપાસના વિસ્તારના રેલવેના મુસાફરોની સુવિધામાં વધારો કરવાની સમીક્ષા બાબતે ચર્ચા-વિચારણાઓ કરવામાં આવી હતી. રેલવે સલાહકાર સમિતિની આ બેઠકમાં સમિતિના સભ્ય હસમુખભાઈ ધોળકિયા, અશોકભાઈ કાનાણી, વનરાજસિંહ વાઢેર, શંકરભાઈ ઠાકર તથા દીપકભાઈ ત્રિવેદીએ મહત્વની રજૂઆતો કરી હતી. જેમાં કોરોનાના સમયથી બંધ થયેલી આ વિસ્તારની જનતા માટે ખૂબ જ સુવિધારૂપ ઓખા-વિરમગામ ટ્રેન (ટ્રોલી) નં. ૫૯૫૦૩ અને ૫૯૫૦૪ તાકીદે પુનઃ શરૂ કરવાની બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત દ્વારકા-અમદાવાદ વચ્ચે દોડતી વંદે ભારતનો ટ્રેનનો સ્ટોપ ખંભાળિયાને મળે તે માટે પણ રજૂઆત કરાઈ હતી. ખંભાળિયાના રેલવે સ્ટેશને ટિકિટ લેવા કે મુસાફરોને મુકવા આવતા લોકોને કનડતા પાર્કિંગના મહત્વના પ્રશ્નો તેમજ ખંભાળિયા નજીકના જામનગર અને સલાયા રેલવે ફાટક પાસેના સ્પીડ બ્રેકરની ઊંચાઈ ઓછી કરવા તથા ઓખા-મુંબઈ વચ્ચે દોડતો સૌરાષ્ટ્ર મેલ કે જે મુંબઈ મધ્યરાત્રીના આશરે ૩:૩૦ વાગ્યે પહોંચે છે, તેનો સમય અહીંથી ઉપાડવાનો થોડો મોડો કરવાની પણ લેખિત રજૂઆત કરવામાં આવી હતી. આ બેઠકમાં રેલવે સલાહકાર સમિતિના સભ્યો સાથે રેલવેના અધિકારી સચીનસિંહ, યુવરાજસિંહ તેમજ સ્ટાફ જોડાયા હતા.

# ઊના પોલીસે રાજકોટના ખૂની હુમલાના આરોપી દેલવાડા નજીકથી ઝડપ્યો



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧

ઊના પોલીસ ઈન્સ્પેક્ટર મહેન્દ્રસિંહ એન. રાણા અને પીએસઆઈ જેબલિયા, પોલીસ કોન્સ્ટેબલ રાહુલભાઈ નારણભાઈ છેલના, અનિલભાઈ ભૂપતભાઈ જાદવ અને સ્ટાફને બાતમી મળી હતી કે રાજકોટ માલવિયાનગર પોલસ સ્ટેશનમાં નોંધાયેલ ખૂની હુમલાનો એક આરોપી નાસતો ફરતો હતો દેલવાડા પાસે આવેલ હોય તુરંત પહોંચી દેલવાડાની નવાબંદર ચોકડી પાસે એક યુવાન શંકા સ્પદ રીતે ઊભો હોય પકડવા જતા નાસવા લાગેલ પોલીસે તુરંત પકડી પૂછપરછ કરતા તેમનું નામ મીત ઉર્ફે ભાજી રમેશભાઈ ખગ્રામ રે. રાજકોટનો હોવાનું જણાવતા રાજકોટ માલવિયાનગર પોલસ સ્ટેશનમાં તેની સામે ગુનો દાખલ હોવાની કબૂલાત આપી હતી. ઊના પોલીસે રાજકોટ પોલીસને જાણ કરતા ઊના આવી આરોપીનો કબજો લઈ લીધો હતો.

# ગાંધીનગર ખાતે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના ૧૫મા સ્થાપના દિવસની ઉજવણી શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં કરાઈ




ગાંધીનગર તા.૧

વિશ્વની પહેલી એવી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ૧૫મા સ્થાપના દિવસની ઉજવણી સ્વર્ણિમ સંકુલ-૨ના દ્વારકા ખંડ,ગાંધીનગર ખાતે શિક્ષણ રાજયમંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

શિક્ષણ રાજયમંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, શિક્ષકની કારકિર્દી એક વ્યવસાય નહિ, પણ જીવન દર્શન સાથે વ્યક્તિ નિર્માણની સાધના છે, એટલે જ, રાષ્ટ્ર નિર્માણના પ્રજવલિત યજ્ઞમાં સૌથી મહત્વપૂર્ણ યોગદાન શિક્ષકોનું હોય છે. એક શિક્ષક બાળ માનસના વિકાસ થકી સમાજમાં સદભાવનાનું વાતાવરણ ઉભુ કરે છે. આજનો બાળક મૂળ તત્વથી ઉછરીને ટેક્નોલોજી સાથે ભણીને રાષ્ટ્ર નિર્માણ સહિત સમાજ કલ્યાણ માટે સમર્પિત રહી પોતાની ફરજનું પાલન કરે, તેવી મંત્રીશ્રીએ આશા વ્યક્ત કરી હતી.

વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્થાપિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ભારતીય મૂલ્યો અને સંસ્કારોથી મહાન મનુષ્યના નિર્માણ માટે સંકલ્પબદ્ધ છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી શ્રેષ્ઠ મનુષ્યના નિર્માણના વિઝન અને ચિંતનથી આ દિશામાં મહત્વનું કાર્ય કરી રહી છે. આપણી સંસ્કૃતિની ધરોહર સાથે આજના બાળકનો ઉછેર જરૂરી છે. આપણા શાસ્ત્રો કહે છે કે, ગર્ભમાં જ બાળકને સંસ્કાર અને શિક્ષણ મળે છે. પ્રકૃતિ સાથે બાળકોનો તાલમેલ રાખી તેમને ગમતી પ્રવૃતિઓ કરવા દઈશું તો બાળકના માનસનો સર્વાંગી વિકાસ થશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. આ સમારોહમાં ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસર શ્રી પી.એન.ગજ્જર દ્વારા 'શ્રી નરેન્દ્ર મોદી પ્રેરણાત્મક વ્યાખ્યાન માળા 'યજ્ઞ' હેઠળ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. 'લર્ન, અનલર્ન અને રિલર્ન'ના કોન્સેપ્ટને સમજી તેને બાળકના ઉછેર માટે ઉપયોગ કરવા તેમણે દરેક શિક્ષકને નિવેદન કર્યુ હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારત ૨૦૪૭ સુધી વિશ્વગુરુ બનવા તરફ આગળ વધી રહ્યો છે, ત્યારે દરેક શિક્ષકે આજના બાળકને આવતીકાલનું ભવિષ્ય બનાવવા પુરતા પ્રયત્નો કરવા પડશે. બાળકોના ઉછેર માટે જેટલા પ્રયત્નો શિક્ષકો કરી રહ્યા છે એટલી જ મહેનત બાળકના માતા/પિતાએ પણ કરવી પડશે અને બાળકોને આવનારા વિકસિત ભારતના ભવિષ્ય માટે તૈયાર કરવા પડશે.

આ કાર્યક્રમમાં બાળઉછેર, બાળ કેળવણી, બાળવિકાસ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ગાંધીધામની શ્રી સરસ્વતી શિશુ મંદિર બાલવાટિકાને 'ગીજુભાઈ બધેકા એવોર્ડ'થી મંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરી 'બાલવાટિકા એવોર્ડ' અને રૂ. ૧,૦૦,૦૦૦/-નો ચેક અર્પણ કરાયો હતો. આ ઉપરાંત જી-સેટ પરીક્ષા પાસ કરનાર અને 'શોધ' શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓને મંત્રીશ્રી હસ્તે સ્મૃતિ ચિન્હ આપવામાં આવ્યું હતું. જ્યારે શિક્ષણ ક્ષેત્રે અગ્રીમ સિદ્ધી પ્રાપ્ત કરનાર ચાર શિક્ષકોને પણ મંત્રી શ્રી પાનસેરિયા દ્વારા સમ્માનિત કરવામાં આવ્યા હતા.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા પ્રકાશિત પુસ્તકો જેમાં બાળકોમાં વર્તન દોષ, ગુજરાતના વિકાસમાં કન્યા કેળવણીનું યોગદાન, સર્જનશીલ અને પ્રતિભાશાળી બાળક, ૩૬ મી નેશનલ ગેમ્સ ગુજરાત ૨૦૨૨, હોલિસ્ટિક ચાઈલ્ડ ડેવલોપમેન્ટ, અન્લીશિંગ ધ સ્પોર્ટીંગ સોલ, સેક્સ એજ્યુકેશન ઈન એડોલેસેન્ટ ઈન ગુજરાત, મિત્ર, મમ્મી અને પરિવાર મળીને કુલ ૧૦ પુસ્તકોનું મંત્રી શ્રી પાનસેરિયાના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

વધુમાં યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત પુસ્તકો શાલેય શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું **(NCFFS)** પરિવારની પાઠશાળા પુસ્તકનું અંગ્રેજી સંસ્કરણ, સર્વાંગી બાળવિકાસ ગીજુભાઈ બધેકા ચેર હેઠળ શિશુ કથાઓ, શિશુ કાવ્યો, ગીજુભાઈ સાથે શિક્ષણયાત્રા મળીને કુલ પાંચ પુસ્તકોનું પણ મંત્રીશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ગાંધીનગરનાં મહર્ષિ પાણિનિ સંસ્કૃત અને વૈદિક વિશ્વવિદ્યાલય ઉજ્જૈન સાથે ગર્ભસંસ્કાર અને ગર્ભ સંવાદ સહિત સર્વાંગી બાળવિકાસ બાબતે, ડાયસક્યુબ સાથે રમકડાં નિર્માણ તેમજ કડી સર્વ વિદ્યાલય સાથે સમગ્ર શિક્ષણની પ્રક્રિયા બાબતે એમઓયુ મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યા હતા.

torrent POWER DNHDD

વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દમન અને દીવ ઈલેક્ટ્રીસીટી ડીપાર્ટમેન્ટે નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ, વિસ્તારોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૦૮:૦૦ થી બપોરના ૧૨:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૦૨/૦૮/૨૦૨૪ શુક્રવાર | મલાલા, દીવ | બધા ૧૧ કેવી ફીડર મલાલા, દીવ | દીવ જિલ્લાના બધા વિસ્તાર |

અસુવિધા બદલ દિલગીર છીએ

આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ
તમારા પરિવારની સુરક્ષાની ખાતરી
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે



આપની સેવા માં હરહંમેશા હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

# જૂનાગઢ બન્યુ ‘ખાડાગઢ’ : રસ્તાઓનાં કારણે કમરનાં દુ:ખાવાનાં દર્દીઓની વધતી સંખ્યા



જૂનાગઢ તા. ૧

જૂનાગઢનાં સમગ્ર શહેરનાં રસ્તા એટલા બિમાર પડયા છે કે આ રોડ પર રસ્તો કયાં છે ? તે શોધવો મુશ્કેલ બની ગયું છે. શહેરનાં અમુક રોડ સારા બનાવ્યા છે તો લગભગ રસ્તાઓમાં મસમોટા ખાડાઓ પડી ગયા છે. અને ખાડા પરથી પસાર થવું પુરૂ જોખમ રહે છે. હાલ સમગ્ર જૂનાગઢ શહેરમાં લોકોનાં કમરનાં દુ:ખાવાનાં દર્દની ફરીયાદો ઉઠવા પામી રહી છે તેનું કારણ રસ્તાનાં ખાડા જ છે. ઉબડછબડ રસ્તાઓ પરથી ટુ વ્હીલર લઈને પસાર થતા હોય ત્યારે ઉછળકુદ થવાથી કમરનાં દુખવાનાં રોગોમાં વધારો થવા પામેલ છે. સિવીલ હોસ્પીટલમાં કમરમાં દુ:ખાવાનાં અનેક કેસો આવી રહયા છે. તેમજ પ્રાઈવેટ દવાખાનાઓમાં પણ કમરનાં દર્દનાં અનેક દર્દીઓ આવી રહયા છે. જોષીપરા પાદરથી ગીરીરાજ મેઈન રોડ તરફ જતાં રસ્તામાં એટલા ખાડાઓ છે કે ગણવા બેસો તો દિવસોનાં દિવસ નીકળી જાય. જયારે વરસાદ પડતો હોય ત્યારે આવા ખાડાઓમાં પાણી ભરાઈ જવાથી રાહદારીઓને ખાડાની ઉંડાઈનો ખ્યાલ આવતો ન હોવાથી અકસ્માત થવાની ભીતી સેવાઈ રહી છે. અને આવા રસ્તાઓ પર અનેક વાહન ચાલકોને અકસ્માત નડયાનાં અથવા તો ગાડી બંધ પડી જવાનાં કિસ્સાઓમાં દરરોજ વધારો થઈ રહયો છે. ગઈકાલે ભાજપ શાસિત વર્તમાન બોડીની મુદત પુરી થઈ છે ત્યારે હવે વહીવટદાર શાસનાં ભણકારા વાગી રહયા છે તે સમયે હાલ જૂનાગઢની પ્રજાની વ્યથા કોણ સમજશે ? અત્યારે તો લોકો જૂનાગઢમાં રહે છે કે ખાડાગઢમાં તે જ ખબર પડતી નથી. લોકોનાં આરોગ્ય સાથે રસ્તાઓને કારણે ચેડા થઈ રહયા છે તેના માટે કોણ જવાબદાર છે ? જૂનાગઢ મનપાનાં પદાધિકારીઓ તો આવા રસ્તા પર કદાચ નહીં નીકળ્યા હોય, પરંતુ હવે કોઈપણ જવાબદારી અધિકારી આવા ખાડાવાળા રસ્તાઓની મુલાકાત લે તો તેને લોકોનું દર્દ સમજાય તેમ છે. બાકી તો પ્રજા રામ ભરોસે છે. સવારનાં નાના બાળકો જયારે સ્કુલે જવા રીક્ષા અથવા કોઈપણ વાહનમાં જતાં હોય છે ત્યારે તેમનાં ચહેરા પર આવા રસ્તા પરથી પસાર થતી વખતે ગંભીર અસર જોવા મળે છે. આવા રસ્તાઓ પરથી ફોરવ્હીલ ચાલકો નીકળે ત્યારે ઘણા બાળકો સાયકલ અથવા ચાલીને જતાં હોય છે ત્યારે તેમની કાર ધીરે ચલાવવી જોઈએ કારણ કે બાળકોને આવા રસ્તાઓનાં ગંદા પાણી ઉડવાથી સ્કુલમાં સાત-આઠ કલાક અભ્યાસ માટે ભીના કપડે બેસવું પડે છે તે કેટલું વ્યાજબી છે ? આમા માણસાઈની જરૂર છે.

## જૂનાગઢ મનપાનાં કમિશ્નરને ‘હિસાબ દો, જવાબ દો’નાં નારા સાથે આજે કોંગ્રેસ દ્વારા અપાયેલ આવેદનપત્ર



જૂનાગઢ તા. ૧

ભાજપ શાસિત જૂનાગઢ મહાનગરપાલીકાની વર્તમાન બોડીનો ગઈકાલે અંતિમ દિવસ હતો અને તે સાથે જ જૂનાગઢ મનપામાં વહીવટદાર શાસન આવી જશે. ત્યારે લોકોમાં એવી ચર્ચા અને અપેક્ષા છે કે વહીવટદારનાં શાસનમાં જૂનાગઢ શહેરની મુશ્કેલીઓ અને પ્રાણ પ્રશ્નો દૂર થશે. મનપાનાં વિદાય લઈ રહેલા કોર્પોરેટરો અને પદાધિકારીઓએ જે રીતે જૂનાગઢ શહેરની દુર્દશા કરી નાંખી છે તે જોતા વહીવટદારનાં શાસનમાં જૂનાગઢ શહેર આ દુર્દશામાંથી બહાર આવી શકશે કે કેમ ? તે મુદો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. દરમ્યાનમાં બીજી તરફ કોંગ્રેસનાં વરીષ્ઠ આગેવાન અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં ઉપાધ્યક્ષ હીરાભાઈ જોટવા, જૂનાગઢનાં ભૂતપૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ જોષી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં ઉપાધ્યક્ષ શહેનાજબેન બાબી, જૂનાગઢ જીલ્લા કોંગ્રેસનાં પ્રમુખ ભરતભાઈ અમીપરા તેમજ કોંગ્રેસનાં તમામ સેલનાં પ્રમુખો, હોદેદારો અને ચુંટાયેલા પ્રતિનિધિઓ આજે સવારે ૧૦.૩૦ કલાકે કોંગ્રેસ ભવન ખાતે એકઠા થઈ ત્યાંથી જૂનાગઢ મનપાનાં કમિશ્નરને ‘હિસાબ દો, જવાબ દો’નાં નારા સાથે આવેદનપત્ર આપેલ હતું. જેમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન જૂનાગઢ મનપાનાં સત્તાધિશો દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ વાપરવાનો જે દાવો કરવામાં આવ્યો છે તેમાં છેલ્લા એક વર્ષમાં રૂા. ૧૫૬૦ કરોડની ગ્રાન્ટ વાપરવામાં આવી છે તે બાબતનો હિસાબ માંગવામાં આવ્યો હતો. આટલી અઢળક ગ્રાન્ટ વાપરવામાં આવી છતાં જૂનાગઢ શહેરનાં રોડ, રસ્તા, ગટર, પીવાના પાણી તેમજ અન્ય આવશ્યક સુવિધાઓ બાબતે જૂનાગઢ શહેરની જનતા ભારે હાલાકી ભોગવી રહી છે ત્યારે વિદાય રહેલા સત્તાધિશોએ કોર્પોરેશનને મળેલી કરોડો રૂપિયાની ગ્રાન્ટ કયાં વેડફી નાંખી તેનો હિસાબ માંગવામાં આવ્યો હતો. અપાયેલ ગ્રાન્ટ પૈકીનાં ૧૦ ટકા પણ કામગીરી થઈ નથી. છેલ્લા પાંચ વર્ષમાં જૂનાગઢ મનપાએ અલગ અલગ હેડ હેઠળ મળેલ ગ્રાન્ટનો સાચો આંકડો સાર્વજનીક કરવો. આ ગ્રાન્ટ પૈકી જૂનાગઢની જનતાની ભૌતિક સુખાકારી માટે કયા કયા કામો કરેલ તેની માહિતી આપવી જોઈએ. અંતમાં લોકોની સુખાકારી માટે વિશેષ સત્તા-અધિકારોનો સદઉપયોગ કરી ઉપરોકત તમામ મુદાઓ પર અમલવારી થાય તેવી પ્રજાવતી વિનંતી કરવામાં આવી હોવાનું જૂનાગઢ શહેર પ્રમુખ મનોજ જોષીએ એક યાદીમાં જણાવ્યું છે.

## મોતીબાગ બસ સ્ટોપમાં ગંદકીનાં થર



જૂનાગઢ તા. ૧

જૂનાગઢ શહેરનાં હાર્દસમા મોતીબાગ વિસ્તારનાં બસ સ્ટોપ પાસે ગંદકીનાં થર જામી ગયા છે. મોતીબાગ બસ સ્ટેન્ડને સાફસફાઈની તાતી જરૂર છે. કારણ કે આ બસ સ્ટેન્ડ પાસે જ શૈક્ષણિક સંસ્થા આવેલી હોવાથી વિદ્યાર્થીઓને રોગનો ભોગ બનવાની શકયતા છે. તેમજ આ બસ સ્ટોપ ખાતે વિસાવદર, સાસણ, તાલાળા, મેંદરડા સહીતનાં શહેરોમાં જતી એસટી બસનો સ્ટોપ હોવાથી મોટી સંખ્યામાં મુસાફરો અહી આવે છે. પરંતુ અહીં ગંદકી એટલી છે કે અહીં ઉભા રહેવું પણ મુશ્કેલ બને છે. તેથી આ બસ સ્ટેન્ડને સાફસુથરૂ બનાવવા લોકોમાંથી માંગ ઉઠવા પામી છે.

## વોર્ડ નં. ૯નાં વાંઝાવાડ વિસ્તારમાંથી બે-બે મેયરો આવવા છતાં સુવિધાઓથી વંચીત

જૂનાગઢ તા. ૧ : જૂનાગઢનાં વોર્ડ નં. ૯માં છેલ્લે બે મેયરો ચુંટાઈ આવેલ છે. આ મેયરોલ કે ચુંટાયેલા નગર સેવકોએ કદી વોર્ડ નં. ૯નાં મોટા વિસ્તાર વાંઝાવાડમાં પગ મુકવાની તસ્દી લીધી નથી. વર્ષોથી રસ્તા ગટરનાં પ્રશ્નોની રજુઆત કરવાથી એવું જણાવે છે કે અમારી ગ્રાન્ટમાંથી રકમ લખી આપેલ છે અથવા તો રાજય સરકાની ગ્રાન્ટમાંથી બની જશે તેવા ઠાલા વચનો આપવામાં આવે છે. આ વિસ્તાર ખુબ જ ગીચ અને મોટો છે. રસ્તાનું નામોનીશાન નથી. રખડતી ગાયો અને કાદવ કીચડનું એવું તો ભયંકર સામ્રાજય છે કે રાહદારી માટે ચાલવુ મુશ્કેલ બન્યું છે. આ બીકે ખુદ નગર સેવકો અહી આવતા નથી. આવી દયનીય હાલત આ વિસ્તારનાં લોકો ભોગવી રહયા છે. આ વિસ્તારમાં બિમારી અને અકસ્માત તો સામાન્ય બની ગયા છે. આ વિસ્તારનાં લોકોને બદથી બદતર થતી હાલતમાંથી મુકત કરવા જરૂરી છે. સામાન્ય અધીકારીઓને રજુઆત કરવાની ક્ષમતા આ વિસ્તારનાં લોકોમાં નથી જેથી આ વિસ્તારમાંથી લોકોનું સ્થળાંતર પણ થઈ રહેલ છે તેમ લોકોમાં ચર્ચાઈ રહયું છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

MI-GL

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

બીના ઈલેકટ્રોનિકસ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.


## જૂનાગઢના બાદલપુર ગામની સીમમાંથી રૂા. ૭.૬૩ લાખના વિદેશી દારૂ સાથેનો ટ્રક પકડાયો

**ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી : રૂા. ૧૨.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે : ટ્રક ડ્રાઈવર, કારનો ચાલક ફરાર**

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧

જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચે બાદલપુર ગામની સીમમાંથી ૭.૬૩ લાખના વિદેશી દારૂ સાથેનો ટ્રક પકડી પાડી કુલ રૂપિયા ૧૨.૬૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કાર્યવાહી દરમ્યાન ટ્રક ડ્રાઈવર અને કારનો ચાલક નાસી ગયો હતો.

વંથલી તાલુકાના વાડલા ફાટક પાસે દારૂની હેરાફેરી થવાની હોવાની બાતમી મળતા એસપી હર્ષદ મહેતાની સૂચનાથી એલસીબીના પીઆઈ જે. જે. પટેલ અને તેમના સ્ટાફે વહેલી સવારે વોચ ગોઠવી હતી. આ દરમ્યાન જૂનાગઢના ગાંધીગ્રામનો રૈયા નાજા મોરી અને નવા નાગરવાડામાં રહેતો અજય કિશોર મકવાણાનો સાગરીત કુતિયાણા તાલુકાના સારણ નેસ મહોબતપરાનો અજય ગોગન ભારાઈ જીજે ૧૪ ઝેડ ૪૨૯૩ નંબરના આઈસર ટ્રકમાં દારૂનો જથ્થો ભરીને નીકળતા એલસીબીએ તેને ટ્રક રોકવાનો ઈશારો કર્યો હતો. પરંતુ આ શખ્સે લોકો ભગાવી મુકતા ક્રાઈમ બ્રાન્ચે ફિલ્મી ઢબે પીછો કર્યો હતો પરંતુ બાદલપુર ગામ પાસે ટ્રક ડ્રાઈવર ચાલુ ટ્રકે ઉતરીને નાસી ગયો હતો. પોલીસને ટ્રકમાંથી રૂપિયા ૭.૬૩ લાખનાં વિદેશી દારૂની ૧૮૬૩ બોટલ હાથ લાગી હતી આમ વિદેશી દારૂ તથા ટ્રક મળી કુલ રૂપિયા ૧૨.૬૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## જૂનાગઢના બીલખા રોડ પરથી વિદેશી દારૂના ચપટા સાથે શખ્સ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧

જૂનાગઢ શહેરના બીલખા રોડ પરથી ૨૫ બોટલ વિદેશી દારૂના ચપટા સાથે એક શખ્સને એ ડીવીઝન પોલીસે ઝડપ્યો છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસે અમીત રમેશ ચૌહાણના કબ્જામાંથી વિદેશી દારૂ વાઈટ લેક વોકડા ઓરેંજ ફલેવર ૧૮૦ એમએમની ૨૫ બોટલ કિ.રૂા.૨૫૦૦ ઝડપી લઈ પુછપરછ દરમ્યાન આ દારૂ ગૌતમ કિશોર વડિયાતરે આપ્યું હોવાનું ખુલતા પોલીસે બંને શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


જુનાગઢથી ડેઈલી ફાસ્ટ સર્વિસ

‘ફલાય ફાસ્ટ’ પાર્સલ સર્વિસ હવે આપના દ્વારે

સૌરાષ્ટ્ર ભૂમિ FlyFast POWERED BY SAURASHTRA BHOOMI

ફલાય ફાસ્ટ પાર્સલ સેવા... આપનો વિશ્વાસ પ્રયાસ અમારો...




બાઈક | મશીનરી | મેડીકલ આઈટમ | ફર્નિચર ઈલેકટ્રીક આઈટમ | બેકરી પ્રોડકટ | ગ્રોસરી કરીયાણુ | કોસ્મેટીક આઈટમ

કલર પેન્ટ્સ | પેપર સ્ટેશનરી | પ્લાસ્ટીક આઈટમ | હાર્ડવેર | કપડા | ફુટવેર | કિચન વેર

જૂનાગઢથી ડેઈલી ફાસ્ટ સર્વિસ

જૂનાગઢ - સાબલપુર - તાલાલા - વેરાવળ - સુત્રાપાડા - પ્રાંચી

કોડીનાર - ડોળાસા - ઉના - દીવ - ટીંબી - ઘોકડવા - ગીર ગઢડા

સૌરાષ્ટ્ર ભૂમિ FlyFast POWERED BY SAURASHTRA BHOOMI

Booking For Junagadh 99097 06464

બુકિંગ ઓફીસ જૂનાગઢ

ફલાય ફાસ્ટ - CALL : 99097 06464

એડ્રેસ : મહાસાગર ટ્રાવેલ્સ ઓફિસની બાજુમાં, ગાંધી ચોક, જૂનાગઢ

બ્રાન્ચ ઓફીસ : ફલાય ફાસ્ટ સાબલપુર બસ સ્ટેન્ડ રોડ, રાધા ક્રિષ્ના એસ્ટેટ સાબલપુર